
# અધ્યાત્મ

વર્ષ-૬
અંક-૧૨
સપ્ટેમ્બર-૧૯૮૫



## ગ્રાહકોને

'અધ્યાત્મ'ના મોટા ભાગના વાર્ષિક ગ્રાહકોનું લવાજમ આ મહિને પૂરું થાય છે. તેઓ સર્વને તા. ૩૦-૯-૮૫ પહેલાં પોતાનું ગ્રાહકપદ તાજુ કરાવી લેવા વિનંતી છે. લવાજમ, મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ, પાલનપુર, ભાવનગર, રાજકોટ, મોરબી વગેરેનાં ધ્યાનકેન્દ્રોમાં પણ તાજુ કરાવી શકાય છે, તેના સરનામાં આ અંકમાં અન્યત્ર છાપવામાં આવેલ છે. લવાજમ તંત્રીને નીચેના સરનામે સીધું M. O. થી પણ મોકલી શકાય છે:-

નારાયણ હ. જાની, તંત્રી અધ્યાત્મ,
પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર,
ભાવનગર-૩૬૪ ૦૦૧.

લવાજમનો **ચેક ન મોકલાવવા વિનંતી છે.** ડ્રાફ્ટ ઉપરના નામનો કે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના નામનો મોકલી શકાય છે.

પરદેશના ગ્રાહકોને તેઓનું લવાજમ વેળાસર મોકલાવવા વિનંતી છે. પરદેશનું વાર્ષિક લવાજમ 'એર મેઇલ'થી રૂ. ૧૨૫-૦૦ છે.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૬ અંક : ૧૨ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| ઇસ્ટ લંડનની સંસ્મૃતિ | યોગેશ્વરજી | ૩ |
| વાંચકોને | — | ૬ |
| છાયા અને કાયા એકજ છે, એ અમારી અનુભૂતિ છે-મા સર્વેશ્વરી | રાજેન્દ્ર જાની | ૮ |
| શ્રી જગન્નાથપુરીની યાત્રા | ગોરધનભાઈ કલોલા | ૧૧ |
| 'જાગતા ભગત' | સાધુ આનંદજીવનદાસ | ૧૬ |
| પ્રભુનો પ્રસાદ : પ્રેમ | ભૂપતરાય ઠાકર | ૧૮ |
| 'પ્રભુની તસ્વીરો પણ ચિન્મય છે' —મા સર્વેશ્વરી | ડૉ. ઘનશ્યામ દેસાઈ | ૨૧ |
| કાવ્ય | રતિલાલ ભાવસાર | ૨૪ |
| ગુરુદેવની કૃપાની યાદ | કમલા ઠક્કર | ૨૫ |
| જીવતરનું પાનું | પ્રાગજી ડોસા | ૨૬ |
| એક વિરલ વિભૂતિ | નારાયણ હ. જાની | ૨૮ |
| 'ખુલ્લી કિતાબ' | અતુલ કૉન્ટ્રેક્ટર | ૩૨ |
| વિશ્રામગૃહને સહાય | — | ૪૧ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૪૩ |
| વિરલ સંપ્રયાણ | સત્સંગી | ૪૯ |
| જપનું રહસ્ય | સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી | ૫૨ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |
| અમારી એ મૈત્રી | રણજિત પટેલ | ૬૪ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૬ સપ્ટેમ્બર-૧૯૮૫ અંક : ૧૨


## ઇસ્ટ લંડનની સંસ્મૃતિ

પ્રિટોરિયાથી બીનોની અને સ્પ્રીંગ.

અમને આમંત્રનારી સંસ્થાએ યોજેલા કાર્યક્રમને અનુસરીને અમે એ શહેરમાં સફળતાપૂર્વક પ્રવચનો કરીને પુનઃ જોહાનિસ-બર્ગ પહોંચ્યાં અને ત્યાંથી કેપ ટાઉન. જોહાનિસબર્ગમાં ફરી પાછો જે કાર્યક્રમ થયો તેમાં સમૂહધ્યાનના કાર્યક્રમનું મહત્વ સવિશેષ હતું, એવું કહી શકાય. માનસિક શાંતિને અનુભવવાની આકાંક્ષાવાળા માનવો ધ્યાનની સાધનાનો આધાર લેવાનું પસંદ કરે છે સાઉથ આફ્રિકાની જુદાં જુદાં સ્થળોની જનતાનો અમુક વર્ગ એમાં અપવાદરૂપ નથી દેખાતો. દરરોજ સાંજે કરાવવામાં આવતા સમૂહધ્યાનમાં મોટી સંખ્યામાં જનતા ઉપસ્થિત રહેતી. એના પરથી એની ધ્યાનને માટેની અભિરુચિનો ખ્યાલ આવતો.

ધ્યાનની અભિરુચિવાળા સાધકોને સમૂહધ્યાનની વીસેક બેઠકોમાંથી પ્રેરણા પામીને શહેરમાં જાહેર સામાહિક ધ્યાનકેન્દ્ર શરુ કર્યું. એનું સંચાલન સાઇ સેન્ટરના મુખ્ય કાર્યકર્તા જ્યોતિ-ર્ધર તથા હસવતભાઈ કરવા લાગ્યા, એમનું એ સંચાલનકાર્ય સાચેસાચ અભિનંદનીય હતું.

કેપટાઉન સમુદ્રતટથી સુશોભિત સુંદર શહેર છે. ત્યાં ટેબલ માઉન્ટન નામે દર્શનીય સ્થળ છે. તે સ્થળ ઉપર પહોંચવા માટે સરસ રોપ વે છે.

કેપટાઉનમાં થોડેક દૂર હિંદી મહાસાગર અને એટલાંટિક મહાસાગરનો સંગમ થાય છે એ સ્થળનું અવલોકન આનંદદાયક હતું. કાળા અને નીલ રંગના પાણીનું સંમિલન આગળ તરી આવતું અને સૂક્ષ્મતાપૂર્વક નિરીક્ષણ કરતાં સ્પષ્ટરીતે જોઈ શકાતું.

કેપટાઉનમાં એ વખતે ડીવાઈન લાઈફ સેંટરની સાધનાશિબિર ચાલી રહેલી. એ કાર્યક્રમ અનેકરીતે ઉપયોગી અને રસપ્રદ હતો. શિબિરના સંયોજકની અતિશય આગ્રહભરેલી ઇચ્છાને માન્ય રાખીને અમે એની મુલાકાત લીધી. ત્યાં શિબિરાર્થીઓ સમક્ષ મારો યોગ-વિષયક વાર્તાલાપ તથા પ્રશ્નોતરીનો કાર્યક્રમ યોજાયો.

એ પછી પોર્ટ એલિઝાબેથ અને બીજાં ત્રણચાર નગરોમાં કાર્યક્રમ કરીને અમે સમુદ્ર-તટ પરના ઈસ્ટ લંડન શહેરમાં પ્રવેશ કર્યો.

ઈસ્ટ લંડન શહેરમાં લહરી નામના એક આધ્યાત્મમાર્ગના જ્ઞાનયોગી પવિત્ર શક્તિશાળી સાધક થઇ ગયા. મૂળ ગુજરાતના પરંતુ વર્ષોથી દક્ષિણ આફ્રિકામાં વસેલા. તે સાધકે સમસ્ત જીવનને સાધનામય બનાવેલું. ગૃહસ્થાશ્રમમાં રહીને, વિવિધ વ્યવહારની વચ્ચે વસીને, એમણે જે પ્રકારના આધ્યાત્મિક સાધનાત્મક જીવનને જીવી બતાવ્યું તે બીજાને માટે પ્રેરણાત્મક હતું. એમણે કેટલાંક પુસ્તકો પણ રચેલાં.

એક દિવસ સાંજે સ્વામી માધવાનંદ મળવા આવ્યા. એ રામકૃષ્ણદેવના પરમભક્ત હતા અને ઈસ્ટ લંડનમાં અને એની આજુબાજુના વિસ્તારોમાં ધર્મોપદેશનું તથા સેવાનુંકાર્ય કરતા. પછાત વર્ગની આફ્રિકન પ્રજાના ઉત્કર્ષ માટે તે વિવિધ પ્રવૃત્તિઓ કરતા રહેતા.



ગૌર શરીર, ઊંચી સુદૃઢ કાયા, શ્વેત લાંબી દાઢી તથા જટાવાળા સ્વામી માધવાનંદ આફ્રિકાવાસી ગોરી પ્રજાના વંશજ હતા.

અતિશય સરળ અને નમ્ર.

એમને અવલોકીને આનંદ થાય એ સ્વાભાવિક હતું.

એમની સાથે સાધના વિષયક વાતો થઇ.

એમનો સેવાભાવ નોંધપાત્ર હતો. દક્ષિણ આફ્રિકાવાસી નિરક્ષર, પછાત તથા ગરીબ પ્રજાના ઉત્કર્ષમાં જુદાંજુદાં સેવા-કાર્યોમાં એ એમની રીતે રસ લેતા અને મદદરુપ બનતા.

સાંજે એ મારાં જાહેર પ્રવચનમાં પધાર્યા.

અમે હોલમાં પ્રવેશ કર્યો ત્યારે એ અન્ય શ્રોતાઓની સાથે નમ્રતાપૂર્વક ઊભા રહેલા. અમે એમને માટે ખુરસી મૂકાવી. આખરે એ સંન્યાસી હતા અને માનની અપેક્ષા ના રાખતા હોવા છતાં જનતા તરફથી સન્માનના અધિકારી હતા.

પ્રવચનની પરિસમાપ્તિ પછી શ્રોતાજનોએ મારી આગળ પોત-પોતાની શ્રદ્ધાભક્તિ પ્રમાણે ભેટની થોડીક રકમ મૂકી. તેમાંથી આઠ રેન્ડ મંદિરમાં મૂકાવીને બાકીના સો રેન્ડ મેં એ સ્વામીજીને એમની સેવાપ્રવૃત્તિમાં મદદરૂપે અર્પણ કર્યા.

સ્વામીજીને એવી મદદની કલ્પના પણ ન હતી.

એ ગળગળા બની ગયા.

એમની આંખ ભીની થઈ.

ઈસ્ટ લંડનની એ છેવટની છતાં સનાતન કહી શકાય તેવી સ્મૃતિ હતી.

કહો કે સંસ્મૃતિ.

—યોગેશ્વરજી

# વાંચકોને

—તંત્રી

'અધ્યાત્મ' આ સપ્ટેમ્બર, '૮૫માં છ વર્ષ પૂરાં કરે છે. આ નાની સરખી મજલ આપ સહુના સહકારથી અમે કાપી શક્યા, તે બદલ સહુનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના દેહવિલય પછી એક તબક્કે અમારે માટે અધ્યાત્મને આગળ ચલાવવું કે કેમ, એ પ્રશ્ન ઊભો થયેલો. પરંતુ શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના વિશ્વાસ, હૂંફ અને માર્ગદર્શનને લીધે, અમારે માટેનું કામ સરળ બન્યું ને તે ચાલુ રહ્યું, એમાં પણ પ. પૂ. ગુરુદેવની નિગૂઢ કૃપા ને કરૂણાએજ કામ કર્યું છે, એમ અમે માનીએ છીએ. એ સિવાય અમારૂં આ કાર્ય ચાલું રહી શક્યું ન હોત. એથી એ મહાપુરુષના શ્રી ચરણોમાં અમારી પ્રેમાંજલિ ધરીએ છીએ.

વળી શ્રી યોગેશ્વર પરિવારના સાધક ભાઈ બહેનોએ અધ્યાત્મના ગ્રાહકો નોંધવામાં ગયા વર્ષમાં ખૂબ જહેમત ઊઠાવી, અધ્યાત્મને સદ્ધર બનાવવામાં મુખ્ય ફાળો આપ્યો છે. તેઓ સહુ પણ અભિનંદનના અધિકારી છે. આ વર્ષેય તેઓ એવોજ ઉત્સાહપૂર્વકનો સહકાર ગ્રાહકો નોંધવામાં બતાવશે, એવી અમે આશા રાખીએ છીએ.

અંતમાં જે વાર્ષિક ગ્રાહકો હતા, તેઓમાંના ઘણા ભાઈઓ આજીવન સભ્ય બન્યા છે ને હજી બનતા જાય છે. આ અમારે માટે મોટી વાત છે, કારણકે આજે દિનપ્રતિ



દિન જ્યારે કાગળ વગેરેના ભાવો અમર્યાદ રીતે વધતા જાય છે, ત્યારે એક સામાયિક ચલાવવું ઘણું કઠીન છે અને તે પણ રૂા. ૧૫ના વાર્ષિક લવાજમમાં. પરંતુ માસિકને જે કંઈ ખોટ ભાવવધારાને લીધે ખમવી પડે છે, તેની પૂર્તિ વાંચકો સદ્ભાવભરી ભેટથી પૂરી કરી આપે છે. એ ખરેખર ઘણી મોટી વાત છે.

રાધેશ્યામ પ્રેસના ભાઈ બહેનોનો સાથ અને સહકાર મળવા બદલ સહુનો આભાર માનીએ છીએ.

## તમે અધ્યાત્મને મદદરૂપ થવા ઇચ્છો છો ?

તો આ રીતે મદદ કરી શકો:-

૧. ગ્રાહકો નોંધીને
૨. ભેટ આપીને અને
૩. જાહેરખબર આપીને–અપાવીને.

દુઃખ આવવાનું છે એવી ભાવિ કલ્પનાથી, પછી દુઃખ ખરેખર આવે ત્યારે તેને સહન કરીને, અને અંતે દુઃખ ચાલી ગયા પછી વારંવાર એને વાગોળીને મુરખ માનવી ત્રણ વાર દુઃખનો અનુભવ કરે છે.

# છાયા અને કાયા એકજ છે, એ અમારી અનુભૂતિ છે મા શ્રી સર્વેશ્વરી

—રાજેન્દ્ર જાની

પ. પૂ. શ્રી યોગેશ્વરજીની ૬૫મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ સર્વ સાધક ભાઇ બહેનોને ઉદ્બોધન કરતાં કહ્યું હતું કે તમારી સમક્ષ દેખાતી આ પ. પૂ. શ્રી યોગેશ્વજીની તસ્વીર-એ તસ્વીર માત્ર નથી. એ ચિન્મય છે, જીવંત છે. **છાયા ને કાયા બંને એક-જ છે, એ અમારી અનુભૂતિ છે.** એના આધારેજ આજે ૫૦૦ કરતાં વધુ દિવસોના ઉપવાસો થયા છતાં આ કાયાને કોણ ટકાવે છે? અમારા શરીરમાં શક્તિ ને સ્ફૂર્તિ અને વાણીમાં બળ અને તેજ કોણ પૂરે છે? આનો બુદ્ધિ-જન્ય ખુલાસો કોઇ વિજ્ઞાન આપી શકે તેમ નથી. એને સમજવા માટે તો શ્રદ્ધા ને ભક્તિ જોઇએ. એ હશે તો બુદ્ધિ સમજશે. નહિ તો અનેક બ્રાંતિઓ થશે. માટે ગુરુમાં અને એમના સદ્ઉપદેશમાં શ્રદ્ધા રાખજો ને બને તેટલો જીવનમાં ઉતારવા પ્રયત્ન કરતા રહેજો. જેનામાં શ્રદ્ધા હશે એને માટે ગુરુ ક્યાંય ગયા નથી. એ તમારી સાથેજ છે, પાસેજ છે, એમ માનજો. એ સૂક્ષ્મ સ્વરૂપે તમને હંમેશાં મદદ કરવા તૈયાર છે, પરંતુ એ માટે સાચા દિલથી, પ્રેમ-પૂર્વક પોકારનાર કોણ છે? જો છે, તો તેને માટે ગુરુ પણ છેજ. આ અમારી અનુભૂતિ છે.

પૂ. મા જ્યારે આ શબ્દો બોલ્યાં ત્યારે તેઓની વાણીમાં અદ્ભુત ઉત્તેજના અને શક્તિ વરતાતાં હતાં. એમનું સમગ્ર



સ્વરૂપ દૈવીશક્તિથી પરિપ્લાવિત થયેલું, તેજોમય જણાતું હતું.

પ્રારંભમાં શ્રી જયશ્રીબેન વોરાના ભજન પછી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અમેરિકાથી આવેલ શ્રી વિનોદભાઇ પટેલ અને એમનાં ધર્મપત્ની શ્રી સરોજબેનના હસ્તે પૂ. શ્રી યોગેશ્વરજીની તસ્વીરોનું પૂજન શ્રી વિજયભાઇ પુરોહિતે કરાવ્યું હતું. પછી સરોડાથી આવેલ શ્રી રજનીભાઇ ઠક્કર અને શ્રી કાલીદાસ છોટાલાલ પટેલ-મુખી તેમજ શ્રી પદ્માબેને પુષ્પહારો અર્પણ કર્યા હતા.

પચ્ચીસ મિનિટના ધ્યાનના કાર્યક્રમ પછી પ્રવચનો થયાં હતાં. પ્રવચનોના અન્તે પ. પૂ. શ્રી યોગેશ્વરજીનું ટેપ પ્રવચન –યોગ ઉપરનું રજુ કરવામાં આવ્યું હતું.

આ પ્રવચનનો મુખ્ય સૂર એ હતો કે જીવનમાં શાંતિ જોઇતી હોય કે પ્રશાંતિની પ્રતિષ્ઠા કરવાની ઇચ્છા હોય તો માનવે જીવનને બને તેટલું નિર્મળ કરવું પડશે. એ વિના કરવામાં આવતાં સાધનો પૂર્ણ ફળદાયી બનશે નહિ.

આ પછી બધાજ સાધકોએ પૂ. શ્રીની તસ્વીર તેમજ પૂ. મા સર્વેશ્વરીનું પૂજન કરી, એમને પુષ્પો અર્પણ કર્યાં હતાં.

આ કાર્યક્રમનું સંચાલન પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ કર્યું હતું. અમદાવાદ ખાતેના મહાત્મા શ્રી યોગેશ્વરજી ચેરિટેબલ ટ્રસ્ટે અમદાવાદ અને બહારગામથી આવેલ ૪૦૦ ઉપરાંત ભાઇ બહેનોને જમાડવાની સુંદર વ્યવસ્થા પણ અમદાવાદના ઉત્સાહી સાધક ભાઇ બહેનોએ શ્રી બાબુભાઇ વોરાની દોરવણી નીચે કરી હતી. શ્રી જયાબેન તરફથી બુંદી અને મુંબઇના શ્રી મધુભાઇ ભટ્ટ તરફથી મોહનથાળની પૂરક વાનગીઓ પણ પીરસવામાં આવી હતી. પરદેશના ભાઇઓ

તરફથી બદામ ને પેંડાનો પ્રસાદ પણ સાધકોને વહેંચવામાં આવ્યો હતો.

બપોર પછી રાજકોટના ડો. કનકપ્રસાદ મંકોડીએ ખૂબ જ ભક્તિભાવપૂર્વક પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી ઉપર સુંદર આખ્યાન રજુ કર્યું હતું આખ્યાનમાં એમનાં ધર્મપત્નીએ સરસ રીતે ભજનો ગાઇ, સાથ પૂરાવ્યો હતો.

પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પોતાનાં સ્વરચિત બે સુંદર ભજનો બુલંદ છતાં મધુર કંઠે ગાઇને સાધકભાઈબહેનોને ભાવવિભોર કરી દીધા હતા.

શ્રી બાબુભાઈ વોરાએ સહુ સાધક ભાઇબહેનોનો આભાર માન્યો હતો.

કાર્યક્રમની પૂર્ણાહૂતિ થતાં પૂ. મા શ્રી સર્વેશ્વરીના ભજનોની પેલી પંક્તિઓ:–

ધન્ય ધન્ય ગુરુદેવ–પ્રભુ,
કાર્ય અમારૂં સફળ કર્યું;
તેમજ શ્રી યોગેશ્વર ભગવાન,
એ છે અમારા જીવનના આરામ;
કરૂં એમને ચરણે કોટિ પ્રણામ...જી.

—ના શબ્દો સુદીર્ઘકાળ સુધી સાધકોના કાનમાં ગુંજાતા-જ રહ્યા હતા.



# શ્રી જગન્નાથપુરીની યાત્રા

ગોરધનભાઈ કલોલા

પરમકૃપાળુ મા-પ્રભુની પરમકૃપાથી આ યાત્રામાં જોડાવાનો શુભ અવસર અમને પ્રાપ્ત થયો છે. લગભગ ત્રીસ જેટલા ભકતો આ યાત્રામાં જોડાયા છે.

પૂ.મા સમયસર વડોદરા રેલ્વે સ્ટેશનપર મોટરમાં આવી ગયાં છે. સૌ ભકતો દોડીને દર્શન માટે મોટરને ઘેરી વળે છે. સૌ દર્શન કરી પ્રણામ કરે છે. પૂ.મા ભકતો સાથે હળવી રમુજ કરતાં જરૂરી સૂચનો કરતાં રહે છે. થોડીવાર પછી તેઓએ કહ્યું : "ચાલો, આપણે વેઈટીંગરૂમમાં બેસીએ." પૂ.મા વેઇટીંગરૂમમાં પધારે છે. ત્યાં સહુ ભકતો આરામથી દર્શન કરી શકે છે, કારણ કે સ્ટેશન પર વિદાય આપવા આવેલા સાધકોની સંખ્યા ઘણી મોટી છે. સૌ પુષ્પાંજલિ દ્વારા શ્રદ્ધા વ્યકત કરે છે.

આજે ટ્રેઈન બે કલાક મોડી છે. સમય થતાં પૂ.મા વેઇટીંગરૂમમાંથી બહાર આવે છે. સહુને પોતપોતાના ડબામાં ગોઠવાઈ જવાની સૂચના આપે છે. સાથે હળવી રમુજ કરતાં કહે છે "જો જો કોઈ ઘેટું ખોવાઈ ન જાય." કૈલાસબેનને યાદ કરતાં કહે છે કે તેમને ડબામાં તેમની જગાએ બરાબર બેસાડી આવજો.

સમય થતાં હાવરા એકસપ્રેસ ઉપડે છે. સુરત સ્ટેશને મોટી સંખ્યામાં પૂ. માના દર્શન માટે ભકતો આવ્યા છે. જે લોકો આ યાત્રામાં નથી જોડાઇ શકયા તેઓ પૂ.માના દર્શન અને વંદન માટે આવ્યા છે. સાથે ઘણા બધા પ્રસાદ-

નાં પડીકાં પણ લાવ્યા છે. સૌ જાણે છે કે પૂ.મા કંઇ ખાતાં નથી, છતાં પણ પ્રેમભાવથી પ્રેરાઇને કંઈ ને કંઇ લાવ્યા છે.

બારડોલી સ્ટેશને શ્રી હરેન્દ્રભાઈ પાઠક ભક્તો માટે બટાટાવડા લાવ્યા છે, તો વ્યારા સ્ટેશને કપુરાના ભાઇબહેનો હાંડવો લાવ્યા છે. અહીંથી શ્રી ઈશ્વરભાઈ તથા મણિબેન પણ યાત્રામાં જોડાયાં છે.

"માએ કહ્યું કે મને ક્યારનુંય થતું હતું કે દરેક ડબ્બામાં જઈને સહુને મળી આવું" અને પૂ.મા જે જે ડબામાં ભક્તો બેઠા હતા ત્યાં આવી પહોંચ્યાં. સૌથી છેલ્લા ડબામાં શ્રી હરીશભાઇ કોન્ટ્રેક્ટર અને મહાલતાબેન, કૈલાસબેન ને જ્યોત્સનાબેન બેઠાં હતાં ત્યાં આવ્યાં. પૂ.માને આમ અચાનક આવેલાં જોઇને સહુને સાનંદ આશ્ચર્ય થયું. પૂ.મા એક સીટ ઉપર બીછાવેલી ગાદી પર બેસે છે. સૌ બેઠા છે ત્યાંથી જ ભાવપૂર્વક પ્રણામ કરે છે. પૂ. મા સૌના ખબરઅંતર પૂછે છે.

પછી યાત્રા સંબંધી સૂચના આપતાં કહે છે: યાત્રા કરતાં ખૂબ સાવધ રહેવું. માલસામાનની બરાબર કાળજી રાખવી, કારણ ચોરલોકો આપણી બેદરકારી કે ગાફેલાઇનો લાભ ઉઠાવી જાય છે. પછી પૂ. મા એકભાઇના સામાન ચોરાયાની વાત કરે છે. ચોર-પ્રવાસમાં એ ભાઈ સાથે ગાઢ મિત્રાચારી બાંધે છે અને વિશ્વાસ પેદા કરે છે. પછી એ ભાઇ બીજા સ્ટેશને કંઈ લેવા જતાં પેલા ચોરભાઇ, એ ભાઈની સૂટકેસ લઈ પલાયન થઈ જાય છે. એટલે પૂ. મા સહુને કહે છે ટ્રેઇનમાં કોઇ અજાણ્યા માણસનો વિશ્વાસ કરવો નહિ. વળી સાધકોને સૂચના આપતાં કહે છે : ટ્રેઈનમાં ઘણો સમય મળે છે. માળા, જપ કરતાંજ રહેવું. કેવળ બારી બહાર જોઇ સમય વેડફવો બરાબર નથી. જોવા જેવું જોવું, પરંતુ આપણા



મનને નામજપમાં જોડી રાખવું. ઉઠતાં પહેલાં પૂ. મા કલ્યાણને (આ લેખકને) ધૂન ગવડાવવાનું કહે છે. સૌ ભક્તો પૂ. માના સાન્નિધ્યમાં પ્રભુ યોગેશ્વર ભગવાનની ધૂન પ્રેમથી ઝીલે છે ને ધૂનનો આનંદ માણે છે.

બીજુ સ્ટેશન આવતાં પૂ. મા બીજા ડબામાં પધારે છે. આ ડબામાં પાંચ ભક્તો બેઠાં છે. પૂ. મા પોતાની બેઠક લે છે. પછી બારડોલીથી શ્રી હરેન્દ્રભાઈ પાઠકે આપેલો બટાકાવડાનો પ્રસાદ આપતાં એ ભાઇને ખૂબ યાદ કરે છે. તેમણે પ્રેમપૂર્વક આપેલ પ્રસાદને પૂ. મા પોતાના સ્વહસ્તે સૌને વહેંચે છે. સામી સીટ પર બેઠેલા એક અજાણ્યા ભાઈ પણ પૂ. માને પ્રણામ કરે છે. તેમને પણ પૂ. મા પ્રસાદ આપે છે અને સત્સંગનો લાભ લેવા કહે છે.

પૂ. મા બાપજી (વિજયભાઇ પુરોહિત, પાલનપુર) પાસે ઘણા અનુભવો છે, તેનો લાભ લેવાનું કહે છે. બાપજી ઊંડી શ્રદ્ધાભક્તિ ધરાવતા શરણાગત ભક્ત છે. પૂ. માનો પ્રેમ તેમના તરફ સહજ રીતે વહ્યા કરે છે. પૂ. મા બાપજીને પૂછે છે "યાત્રામાં કંઇ નાસ્તો લીધો છે કે ?"

'મા, ઘણો લીધો છે." બાપજી જવાબ આપે છે. પૂ. મા સામી સૂચના આપતાં કહે છેઃ-જો જો, તમારો નાસ્તો કોઇને આપશો નહિ કારણ કે તમે મરચું ખાવ નહીં, તેથી તમારે મરચા વગરના નાસ્તાની ખાસ જરૂર રહે. નાસ્તો ચંપાબેને (બાપજીનાં વિધવાબેન) બનાવી આપ્યો છે ને ? પૂ. મા એમ પૂછે છે કારણ કે બાપજી એકલાજ રહે છે. સંસારની માયાથી મુક્ત થયેલા જીવ છે. ઉમ્મર નાની છે, પરંતુ મનમાં વૈરાગ્ય છે. એટલે જરૂર પૂરતુ કમાય છે. બાકીનો સમય ઈશ્વરભજનમાં ને સાધનામાં ગાળે છે.

પૂ. મા અહીં સંત શ્રી મુગટરામજી મહારાજને યાદ કરે છે. તેઓ પણ ખૂબ ભક્તવત્સલ હતા. એકવાર વડોદરા સ્ટેશનેથી પસાર થતા પોતાના ભક્તને મંજુસરમાં હોવા છતાં તેની તેમને મળવાની ઇચ્છા જાણી વડોદરા તરફ હાથ હલાવી 'આવજો આવજો' કહે છે. પાછળથી પૂછતાં ને તપાસ કરતાં જણાયું કે સાચેજ એક ભક્ત વડોદરાથી તેજ સમયે પસાર થતો હતો.

પૂ. મા ચાલુ ટ્રેને નામજપની માળા કરવાનું કહે છે. અજયનું ધ્યાન દોરતાં પૂ. માએ કહ્યું : થોડી પણ માળા નિયમિત કરવી જ. અહીં પૂ. માએ રાજુભાઇને યાદ કરતાં કહ્યું કે તેઓ કહેતા કે હું તો શ્વાસે શ્વાસે અજપા-જપ કરૂં છું. એટલે મારે માળાની કંઈ જરૂર નહિ. પૂ. માએ કહ્યું, "એમાં છેતરાઈ જવાય. એ બહુ ઊંચી ભૂમિકા છે. ટ્રેઈનમાં એવું કરીને મનને છેતરવું નહિ. આપણે તો નામ-સ્મરણ, માળા, ગીતાપાઠ, સ્તોત્રપાઠ કરતા રહેવું."

પછી પૂ. મા નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ ને મુકતાબાઈની સુંદર ધૂન ચલાવે છે. સમગ્ર ડબાના વાતાવરણમાં દિવ્યતા વ્યાપી જાય છે. સૌ એ સાત્વિકતાનો આંતરિક આનંદ અનુભવે છે. છેલ્લે પૂ. મા શ્રી રામકૃષ્ણ હરિની ધૂન બોલાવે છે. ધૂન પછી પૂ. માએ કહ્યું : હવે મહારાષ્ટ્રની હદ શરૂ થાય છે. એટલે એ સ્થાનના ભક્તોને પ્રેમપૂર્વક યાદ કરવા જોઇએ. યાત્રામાં આપણે સિદ્ધપુરુષો ને સંતમહાત્માઓને યાદ કરીએ તો તેઓ આપણને મદદ કરે છે અને આપણી યાત્રા નિર્વિઘ્ને પાર પાડે છે. એટલેજ આપણે જ્ઞાનદેવ વગેરેને સંતોને યાદ કર્યા. પછી પૂ. માએ ઉમેર્યું : "અમે યાત્રાએ જઈએ છીએ. તમારાં દર્શને આવવું જોઇએ, પણ ન અવાય



તો અહીંથી અમારા પ્રણામ સ્વીકારી લેજો."

શ્રી જશભાઇની આજે વર્ષગાંઠ હતી. પૂ. માએ તેમને લખ્યું : "પ્રભુ મારૂં સર્વસ્વ છે એમ માની જીવન જીવો. મારૂં કંઈ નથી એમ માની મૃત્યુ માટે તૈયાર રહો." એની વાત કરે છે.

છેલ્લે પૂ. મા બાપજીને "દિલા દે ભીખ દર્શન કી" એ બ્રહ્માનંદજીનું ભજન ગાવા કહે છે.—બાપજી ખૂબ પ્રેમપૂર્વક ભજન ગાય છે. સહુ તે ઝીલે છે ને તેનો આનંદ માણે છે. પૂ. માના પાલવે વળગીને અમે બધા ભકતો પણ પ્રભુના દર્શનની ભીખ માટેજ નીકળ્યા છીએને !

અમારા ડબામાં સત્સંગનો કાર્યક્રમ પૂરો થાય છે. પૂ. મા ભરતને પૂછે છે : "હવે આપણે કયી બાજુથી આપણા ડબામાં જવાનું ?" ભરત ભૂલથી એમના ડબામાં જવાની દિશા ઉલ્ટી બતાવે છે. મા સહજ રમુજ કરી લે છે. "હું તો તને હજી ગુરુ કરવાનો વિચાર કરૂં છું તો તું તો મને ઉલ્ટી દિશામાં લઈ જાય છે." પૂ. મા સૌને હસાવતાં હસતાં પ્રસન્નચિત્તે વિદાય લે છે.

સવારે જાણવા મળ્યું કે પૂ. માએ પોતાના ફર્સ્ટ કલાસના ભકતોને રાત્રે બાર વાગ્યા સુધી સત્સંગ કરાવ્યો હતો. એ ડબામાં પૂ. મા સાથે અગિયાર જણ છે. શ્રી શાન્તિભાઇએ કહ્યું કે : પૂ. માનું અલૌકિક ને દિવ્ય સાન્નિધ્ય સહજ રીતે માણી શકાય છે. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પાસે આપણે આટલી સહેલાઈથી જઇ શકતા ન હતા. "મા તો માજ છે." પ્રેમ અને પ્રસન્નતાનો પ્રભુનો અવતાર છે !
હરિ ૐ (ક્રમશઃ)

*——*

# 'જાગતા ભગત'

લે. સાધુ આનંદજીવનદાસ

એક હતા ભગત. ભગત હતા ખૂબ ભલા અને જ્ઞાની. ભગત મોહનિદ્રા અને અજ્ઞાનનિદ્રામાંથી જાગેલા હતા અને બીજાને જગાડતા હતા. એમની ફરજ-ધર્મ જ આ હતો. બસ-અખંડ જાગૃત રહેવું અને બીજાને જગાડવા. આથી સૌ કોઈ તેમને 'જાગા ભગત' કહીને બોલાવતા, સન્માનતા. પછી તો એમનું નામ જ પડી ગયું 'જાગા ભગત'.

સૂતેલા તો સૂવે પણ જાગેલા હોય તે શું કરે? જે વ્યક્તિ જાગેલી હોય તે તો જગદીશના જાપ જપે અને જો તે જગદીશના જાપ જપતા ન હોય તો જાગેલા શાના?

જાગા ભગત તો જાગતા ભગત હતા, ઊંઘતા નહિ. ભગતને તો 'હાલતાં ને ચાલતાં સ્વામિનારાયણ.' તેમને સર્વે ક્રિયામાં જ સ્વામિનારાયણ ન હતું, પરંતુ 'સર્વે વ્યક્તિઓમાં પણ સ્વામિનારાયણ.'

ભગત આવી ઉચ્ચ સ્થિતિ અનુભવતા. આવી સ્થિતિવાળા પુરુષનો વ્યવહાર પણ કેવો લાગણીભર્યો હોય છે? કોઈ વ્યક્તિને બોલાવવાની જરૂર પડે તો પ્રેમથી અને ધીરેથી બોલાવે. કંઈક પદાર્થ મૂકે તો જાળવીને મૂકે.

એક વખતની વાત છે. ભગત એકવાર પથ્થર ઘડવા બેઠા. મંદિરનો પથ્થર ઘડતા જાય ને ભગવાનના જાપ જપતા જાય. મૂર્તિ મનમાં સંભારતા જાય ને કામ કરતા જાય. ધીરે ધીરે અઘરું કામ આવ્યું. આથી ભગત જરા અકળાયા અને અકળામણમાં મૂર્તિ વિસરાઈ ગઈ.



તેવામાં પૂ. ગુણાતીતાનંદ સ્વામી ત્યાં આવી ચડ્યા. ભગતનું કામ જોયું. પ્રસન્ન થયા. પૂછ્યું, "ભગત! ભગવાનનું ભજન ચાલુ છે કે બંધ છે? ભગવાનની મૂર્તિ યાદ આવે છે ને?"

જાગતા એવા ભગતે નિખાલસપણે વાત કરી "ક્યારેક ક્યારેક મૂર્તિ વિસરાઈ જાય છે."

સ્વામીએ કહ્યું: "જાગતા છો, તોપણ વધુ સજાગ થાવ. વધુ પથ્થર ન ઘડાય તો વાંધો નહિ. પણ સજાગ થાવ, ભગવાનને સંભારતા સંભારતા દરેક ક્રિયા કરવી. એથી તમારી એ સામાન્ય ક્રિયા, ક્રિયા મટી પૂજા થઈ જશે."

પૂ. ગુણાતીતાનંદ સ્વામીનો આ અણમોલ ધર્મબોધ પ્રત્યેક સાધકને કાયમને માટે ઉપયોગી થઈ પડે તેવો છે. ઘણા બધા અણમોલ આ બોલમાં પ્રેરણા મેળવી તરી ગયા, હજી તરી રહ્યા છે ને ભવિષ્યમાં પણ તરશે.

આવાં ધર્મ વચનો એ સનાતન સત્ય છે. એમનામાં દેશકાળથી પર રહી, પ્રેરણા પ્રદાન કરવાની શક્તિ સદાકાળ માટે રહી છે. ફક્ત જરૂર છે કોઈ જાગતા જનની. તે સિવાય એની અસર નહિ થાય.

# પ્રભુનો પ્રસાદ : પ્રેમ

ભૂપતરાય મો. ઠાકર 'ઉપાસક'

પ્રેમના પ્રાગટ્યની કોઇપણ પળ હોઈ શકે છે. તે હ્રદયના ઊંડાણમાંથી ઉદ્દભવે છે. પ્રેમ અજર-અમર અને સ્વયંભૂ તત્ત્વ છે. પ્રકૃતિનું અણમોલ, નિર્વિકારી અને પરમ પવિત્ર રૂપ હોઇને તેને ઈશ્વરના પર્યાય તરીકે સ્વીકારાયું છે. Love is God. (પ્રેમ પરમેશ્વર છે.) કહીને તેને શ્રેષ્ઠતમ મહત્ત્વ અપાયું છે. પ્રેમને કોઈ બંધન કે દિવાલ નથી. Love is Sky. (પ્રેમ આકાશ જેટલું વિશાળ તત્ત્વ છે.) માં તેની અગાધતા, વિશાળતા બતાવી છે. પ્રેમને કોઈ પરગણું નથી. તેમાં તો સમુદ્રની ગહરાઈ, દિશાઓની વિશાળતા, ધરતીની ધીરજ, હવાની બારીકાઇ, સૂર્યની રોશની, ચંદ્રની શીતળ ચાંદની, પુષ્પોની ઋજુતા છે.

સમર્પણનું મૂલ્ય ચૂકવે તે પ્રેમ મેળવે છે. પ્રેમની પાત્રતા માટે કોઇ ભેદ નથી. પોતાના અસ્તિત્વને ઓગાળી દે તેને પ્રેમ-રસ પ્રાપ્ત થાય છે.

प्रेम न बाडी उपजे, प्रेम न हाट बिकाय ।
राजा प्रजा जो चहे, शीश दय लेजाय ॥

અહમ્ અને પ્રેમ એક સાથે સંભવ પણ નથી. પોતાપણું જ્યાં સુધી જળવાઈ રહે ત્યાં સુધી પ્રેમ મળતો નથી. પ્રેમનો પ્યાલો પીવો હોય તો પોતાનું અહમ્ ઓગાળવુ જ પડે, માન-આડંબર રહિત બનવું પડે.

पीया चाहे प्रेम रस, राखा चाहो मान ।
एक म्यानमें दो खडग, देखा सुना कान ॥



પ્રેમ-રસ, સુધા-રસ પીધા પછી બધાજ પીણાં ફીક્કાં લાગે છે. પ્રેમનું પીણું માદક નથી, આહ્લાદક છે. પ્રેમ ઇશ્વરની અમૂલ્ય ભેટ છે.

પ્રેમ વગરનું હ્રદય માત્ર લુહારની ધમણ સમાન છે. પ્રેમ વગરના પ્રાણ, હેત વગરનું હૈયું, લાગણી વિનાના શ્વાસ નકામા છે. પ્રેમ વગરનો માનવી મનુષ્યત્વ ગુમાવેલું માત્ર ખોખું છે.

जा घट प्रेम न संचरे, ता घट जान मसान ।

એમ કહેવાયું છે. વેદના, દર્દ, તડપન, ભીંસ જેટલાં ઉત્કટ પ્રેમ વધુ ઘૂંટાય છે ? પ્રેમમાં તો 'સમર્પણજ સુરક્ષા' છે. રોમ રોમની ઝંખના જ પ્રેમની સિતાર ઝંકૃત કરી શકે છે.

પ્રેમનો તાંતણો-જોડાણ ઘણું નાજુક છે. પ્રેમનો તાર એક વખત તૂટે છે તો ફરી સંધાતોય નથી. સંધાણ થાય તો પણ તેમાં નાજુક ગાંઠ જરૂર પડી જાય છે. પ્રેમ તો વિશ્વાસના શ્વાસથી ધબકે છે. પ્રેમ મેળવવા-આપવા નિજત્વ છોડવું પડે છે. સ્વયંને ભૂલીને પ્રેમ અપાય છે, મેળવાય છે. પ્રેમ તો 'માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સહેલ જો ને' એમ કહેવાયું છે. પ્રેમ જ્યારે ઉર્ધ્વગામી બને ત્યારે તે 'યોગ' બને છે.

પ્રેમ-લક્ષણા ભક્તિનું રૂપ બને છે. પ્રેમ કોઇને ધિક્કારતો નથી, સૌને આવકારે છે. 'સ્વીકારવૃત્તિ જ પ્રેમનું માધ્યમ છે.' ભગવાન બુદ્ધ, ભગવાન ચૈતન્ય, ઇશુ, મહમદ-સૌ સંતો, ભકતો, દેવોએ પ્રેમને પ્રાધાન્ય આપ્યું છે.

પ્રેમ અને ભક્તિ કોઇક વીરલ વ્યક્તિનેજ પચે છે. 'માંહિ પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને' જેવી

સ્થિતિ છે. પ્રેમનું ભક્તિમાં રૂપાંતર કરવા માટે ગુરુ, સંત, સન્યાસી, ભક્તની દીક્ષા જરૂરી છે.

પ્રેમને કોઇ રંગ, કાળ, રૂપ નથી. પ્રેમ તો 'બ્રહ્મરૂપ' છે. પ્રકૃતિની અણમૂલ્ય દેણગી છે. આખા વિશ્વનું જીવન, સાહિત્ય, સંસ્કૃતિ, સંસ્કાર અને સુખ છે. પ્રેમ સર્વત્ર છે, પ્રેમ સર્વસ્વ છે. પ્રેમ પ્રભુની પ્રસાદી છે.

આપણે શું છીએ, આપણે શું બનીએ છીએ, તેનો આધાર આપણને કોણ ચાહે છે તેની પર છે.

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિચાઈ માટે વિશ્વસનીય એન્જીન
“સત્યવાન” તથા “ચંદન”
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨



# 'પ્રભુની તસ્વીરો પણ ચિન્મય છે' –મા સર્વેશ્વરી

ડૉ. ઘનશ્યામ દેસાઈ

પ. પૂ. માશ્રી સર્વેશ્વરી ૧૭ દિવસ ભાવનગર રહ્યાં. આ દિવસો દરમ્યાન તેઓએ શ્રી લાભુભાઇ વ્યાસ સંચાલિત મેગ્નેટ થેરેપીથી સારવાર આપતા કેન્દ્રની મુલાકાત પણ તેઓની વિનંતીથી એક દિવસ સાંજે લીધી. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પણ આ સમાજોપયોગી પ્રવૃત્તિમાં રસ લેતા અને ભાવનગર પધારતા ત્યારે આ કેન્દ્રની મુલાકાત શ્રી લાભુભાઈ વ્યાસની વિનંતીથી લેતા.

આ કેન્દ્રમાં સારવાર લેતા દર્દીઓ અને બીજા સાધક ભાઈઓને પૂ.માએ એક સરસ વાત કહી. વાતનો પ્રસંગ એ રીતે ઊભો થયો કે શ્રી લાભુભાઈ કેન્દ્રમાં આવનાર સહુ કોઈ દર્દીને મા ગાયત્રીના ફોટા પાસે લઈ જઈ પ્રાર્થના કરાવે ને પછીજ સારવાર શરૂ કરે છે.

પૂ. માએ કહેલી વાત આ પ્રમાણે હતી.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં એક રહેઠાણ ને સત્સંગ માટેની જગા લીધી. આ સ્થાનનું નામ તેઓએ 'સત્યપથ' આપ્યું છે.

એકવાર અમે આ રહેઠાણમાં જુદા જુદા મહાપુરુષો અને દેવ–દેવીઓના ફોટા પસંદ કરી ગોઠવી રહ્યાં હતાં. એમાં પૂ. શ્રી રામકૃષ્ણદેવનો ફોટો પૂ.શ્રીની બેઠક સામે ઊંચે દિવાલ ઉપર રાખવા અમે સૂચન કર્યું અને કહ્યુંઃ આ ફોટો સામે રહે તો આપણે સહજ રીતે એને જોતાં રહીએ.”

પૂ. મહાત્માજીએ અમારા એ વાકયને તુરત સુધારતાં કહ્યું: "શા માટે આપણેજ એમને જોતા રહીએ! ખરૂં જોતાં તો તેઓ પણ આપણને જોતા રહે. એઓ પણ જુએ કે આપણે અહીં આપણો સમય પ્રભુભજન સિવાય બીજી કોઇ રીતે વિતાવતા નથી."

"તો શું મહાત્માજી, આ ફોટા આપણને ખરેખર જોતા હશે?"

"એ અવશ્ય આપણને જુએ છે. એની જાણ આપણામાં શ્રદ્ધા–ભક્તિ ને પ્રેમ હોય તો થાય." પૂ. મહાત્માજીએ જવાબ આપ્યો.

એ પછી થોડા મહિનાઓમાંજ પૂ.શ્રીનું શરીર શાંત થઇ ગયું અને અમારે એકલાંને સત્યપથમાં રહેવાનું થયું. તે વખતે એક બહેન અમારી સાથે રહેતાં.

એક દિવસ સવારે અમને વિચાર આવ્યો કે પૂ.શ્રી કહેતા કે આ ફ્લેટમાં આપણે એકલાં નથી. આ બધા મહાપુરુષો જે તસ્વીરરૂપે છે, તેઓ પણ આપણી સાથે જ છે. અમને થયું કે શું ખરેખર આ બધા ફોટા ચિન્મય હશે! જીવંત હશે! શું આપણને એની અનુભૂતિ થાય ખરી?

અને થોડીજ મિનિટોમાં એક વિચિત્ર ઘટના બની. અમે બેઠાં હતાં તેની સામે મા સરસ્વતીની એક સુંદર મોટી મઢેલી તસ્વીર હતી. અમારી આંખ ખુલ્લી હતી અને સહજ રીતે અમારી દૃષ્ટિ એ તસ્વીર પર જપ કરતાં કરતાં મંડાયેલી હતી. ત્યાં અમને એક અદ્ભુત દૃશ્ય દેખાયું. મા સરસ્વતીના કાનમાં પહેરેલાં કુંડળ એકદમ હાલવા માંડ્યાં! વળી તેની પાસેના વાળની લટો પણ પવનથી હાલતી ને ઉડતી દેખાઇ! અમે અમારી આંખ ચોળી જોઇ. અમે તદ્દન જાગ્રત જ હતાં. આંખો બિલકુલ ઉઘાડી હતી. સમય સવારના



લગભગ દશનો હતો. ભ્રાન્તિ કે સ્વપ્નને અવકાશ ન હતો. કુંડળ હાલતાં હાલતાં ઝળહળી રહ્યાં હતાં. વાળની લટો પણ ઊડી રહી હતી. દૃશ્ય એજ રીતે દેખાઇ રહ્યું હતું. અમારી સાથે રહેતાં બેનને મેં બોલાવ્યાં. તેમને આ ફોટો જોવા કહ્યું. પરંતુ તેમને કંઇ દેખાયું નહિ. પરંતુ મને તે ખાસ્સા સમય સુધી દેખાતું રહ્યું. અમે મા સરસ્વતીને ખૂબ પ્રેમપૂર્વક વંદન કર્યું.

પ્રભુએ અમને પ્રતીતિ કરાવી કે આ ફોટા એ માત્ર કાગળના કે કાચના ટૂકડા નથી. એ જીવંત પ્રતીકો છે. તમારામાં ભાવના ને પ્રેમ હોય, તો એમની જીવંતતાની પ્રતીતિ તમોને આજે પણ થઇ શકે છે. પરંતુ બધાં આ નથી કરી શકતાં. લાખો કરોડોમાં કોઇ બડભાગી જીવજ આવી અનુભૂતિ, પ્રભુકૃપાથી પામી શકે છે.

આમ કહી પૂ. માએ સહુ દર્દીઓને મા ગાયત્રીની તસ્વીરને તે જીવંત છે, પ્રત્યક્ષ છે એમ સમજીને પ્રાર્થના કરવા કહ્યું.

આના અનુસંધાનમાં શ્રી લાભુભાઇ વ્યાસે જણાવ્યું કે મા ગાયત્રી અમારાં ઇષ્ટ છે. અમે એને પ્રભુની પરમ શક્તિજ સમજીએ છીએ. એમ સમજીને દીન-દુઃખી લોકો પર કૃપા કરવા કારૂણ્યભાવે અમે પ્રાર્થના કરીએ છીએ અમને એ તસ્વીરમાં જીવંતતાના કેટલીકવાર અનુભવ થયા છે. એટલેજ અમારી આ શ્રદ્ધા અનુભવના આધાર ઉપર મંડાયેલી હોઈ, અમારો વિશ્વાસ દૃઢ બન્યો છે અને દરેકને એ માનું શરણ લેવા સૂચવીએ છીએ. એને મન કોઈ જાતિ કે ઊંચ-નીચના ભેદ નથી.

શ્રી લાભુભાઈ આ કેન્દ્રમાં મેગ્નેટ અને પ્રેસર થેરેપી અને ક્રોમોપથીનો સમન્વય કરી વિના મૂલ્યે સારવાર આપે

છે. હજારો રૂપિયાનાં મેગ્નેટ તેઓએ વસાવ્યાં છે. પોલિયો, લકવો, સંધિવા તેમજ બીજા કેટલાય અસાધ્ય રોગોનો ઉપચાર કેવળ સેવાભાવથી તેઓ કરી રહ્યા છે. એમના આ સેવાયજ્ઞમાં કોલેજના યુવાન વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ રસપૂર્વક મદદ કરે છે. યુવાનોની શક્તિને તેઓએ ખરેખર વિધેયાત્મક ક્ષેત્રમાં વાળી છે.

શ્રી લાભુભાઇ ખરેખર એક નિસ્પૃહી સેવામૂર્તિ ગૃહસ્થી સંત જેવા છે. એમનું રહેઠાણ શારીરિક વ્યાધિઓથી પીડાતા જનો માટે વિસામો છે. સંપત્તિનો કેવો સરસ ઉપયોગ !

---

### સહન–સાધના

સહેવું તો પડે સૌને, જગત–સંસારની રીતે !
પણ, સહેવાની ભૂમિકામાં, ફરક છે આભ–ધરતીનો !
સહેવું ધ્યેય-હેતુથી, 'જીવનનું તપ' ગણાયું છે !
સહેવું હાયકારાથી, જીવન-ઘાતક મનાયું છે !

### સંસારનું મહત્ત્વ

સંસાર આ મિથ્યા નથી, વળી માત્ર એ માયા નથી !
રે ! એક પણ સર્જન બતાવો—જ્યહીં પ્રભુ-છાયા નથી !
જ્ઞાન-ભક્તિ-કર્મનું સંસાર સમ સાધન નથી !
વળી, આત્મને વિસ્તારવા, કો' અન્ય અવલંબન નથી !

### દુઃખ—પ્રભુની કૃપા

પ્રભુને પ્રિય લાગે જે, ચહે નિજ શરણમાં લેવા !
'અનુભવ' ઊર્ધ્વને અર્થે, દુઃખે-દરદે ભિડાવે છે !
પ્રભુ સંકેત પરખીને, દુઃખોને જે વધાવે છે,
દુઃખોનું દુઃખ ના એને, 'કૃપાની લ્હાણ' લાગે છે !

—રતિલાલ ભાવસાર



### ગુરુદેવની કૃપાની યાદ

આપની યાદ આવી રહી જીવનભર
કેમ વિસરી શકું છે કૃપા જીવનભર.
પુષ્પસમ પમરતી કાય આપે કરી,
રોમેરોમે ભરી લગન આ જીવનભર.
પૃથવીપર રજસમી જીંદગી જીવતાં,
સ્પર્શ થયો આપનો ઝળહળું જીવનભર.
જન્મ ને મૃત્યુની સમજ નાં કંઈ હતી,
જ્ઞાન નિધાન દીધો અહા ! જીવનભર.
દૃષ્ય ના તોય અદ્રષ્ય અમી છાંટતા,
પાઠ શીખવ્યા રૂડા જીવવા જીવનભર.

—કમલા ઠક્કર

### સદ્ભાવભરી ભેટ

૨૯૦ શ્રી લલ્લુભાઇ ગોરધનભાઇ ભક્ત, યુ. એસ. એ
૧૦૨ શ્રી હિમ્મતભાઇ નરસિંહભાઇ લલ્લુવાડિયા, ઉધના તરફથી શ્રી ભરત તથા શ્રી પારૂલના લગ્ન નિમિત્તે.
૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી યાત્રા નિમિત્તે.
૫૧ શ્રી કંચનભાઇ મગનભાઇ પટેલ, અઠવા યોગેશકુમારના શાળા પ્રવેશ નિમિત્તે.
૧૧ ચિ. ધ્વનિબેન રાજેન્દ્ર જાની, રાજકોટ ઉર્વશીબેન તરફથી જન્મદિન નિમિત્તે.
૩૧ શ્રી કાન્તાબેન બી. શાહ રાજકોટ, શ્રી ભરતકુમારના જન્મદિન નિમિત્તે.

## જીવતરનું પાનું

તારા જીવતરનું પાનું
કોણ બતાવે છાનું માનું
લલાટે શું લખાણું જી–
ગુણ અવગુણના બંને પાસાં
વધેઘટે જેમ આશ નિરાશા
જમ ઉધારનો મેળ મળે ના
ના આખર કંઇ સચવાણુંજી–
કોરી કીતાબમાં કાળા અક્ષર
જેવી કરણી તેવા ઉત્તર
જો જે તું ચૂકતા ના અવસર
કો પરમારથનું ટાણું જી–
લલાટે શું લખાણું જી–

પ્રાગજી ડોસા

### * પૂ. માનો કાર્યક્રમ *

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી આખો શ્રાવણ માસ અમદાવાદ ખાતે રોકાવાનાં છે. તેઓના સત્સંગનો કાર્યક્રમ દરરોજ સાંજે ૬–૩૦ થી ૭–૩૦ સકલ એપાર્ટમેન્ટ, X ૩–૪, નારણપુરા પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ–૧૩ ખાતે ચાલે છે. સાધકો એ સમયે એમનાં દર્શન કરી શકશે.

With Best Compliments From......

તેઓ મુક્ત છે, જે પોતાના વિચારના અંતિમ બિન્દુ લગી જતાં ખચકાતા નથી.

EX-PROTECTA

305/306 G. I. D C Vithal Udyognagar,
Vallabh Vidyanagar. 388121
Dist. Kaira. (Kheda)

શ્રી યોગેશ્વરજી–ધર્મ અને સાહિત્ય ક્ષેત્રે

# એક વિરલ વિભૂતિ

સંકલનઃ–નારાયણ હ. જાની

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની પાંસઠમી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ ખાસ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાતી ભાષાના સાક્ષર ડૉ. રમણભાઈ જોષીએ જણાવ્યું હતું કે પ. પૂ. શ્રી યોગેશ્વરજીનો પરિચય મને તેઓના "શ્રેય અને સાધના" પુસ્તક દ્વારા થયો હતો. ૧૯૬૩ના વર્ષના ગુજરાતી સાહિત્યની સમીક્ષા કરતાં મારા હાથમાં આ પુસ્તક આવ્યું. એ વાંચીને હું એમના પ્રત્યે આકર્ષાયો.

"વ્યક્તિના જીવન અને ભાવોનું દર્શન વ્યક્તિના લખાણમાં અવશ્ય પ્રતિબિંબિત થાય છે. એ ન્યાયે પૂ. શ્રી યોગેશ્વરજીને મળવાની ઈચ્છા થયેલી. પછી તો તેઓશ્રીનો પ્રત્યક્ષ પરિચય થયો અને તેઓશ્રીનાં ઘણાં બધાં પુસ્તકો મેં વાંચ્યાં છે. પરંતુ તે વખતે મેં પૂ. શ્રી. ઉપરના મારા લેખનું શીર્ષક આપેલું એક "વિરલ વિભૂતિ" પૂ. નીશ્રી આત્મકથા "પ્રકાશના પંથ" નો ઉલ્લેખ કરતાં તેઓએ કહ્યું કે એ તો **સાધકોનું બાઇબલ** છે. હરકોઈ સાધકને જીવનમાં શું સિધ્ધ કરવાનું છે, તેનું માર્ગદર્શન ને પ્રેરણા તેમાંથી મળી રહે તેમ છે. વળી આ પરમ સત્યની શોધ માટે તેઓએ કેવાં કષ્ટો ઉઠાવ્યાં ને કેવી કઠોર સાધના કરી, તે દરમ્યાન સાધકને ભૂલભૂલામણીમાં નાંખી દેતી કેવી સિદ્ધિઓ આવે છે, તેની જાણકારી એમની આત્મકથામાંથી મળે છે."



"આપણને આ મહાપુરુષ માટે માન એટલા માટે થાય છે કે પરમ તત્ત્વને પામવાની ઉત્કટતા કેવી હોવી જોઈએ, પોતાના જીવન લક્ષ્ય ઉપર–ધ્રુવ તરફ કેવી સતત નજર તેઓ રાખતા રહ્યા છે, અને પરમ સિધ્ધિ કેવી સાધનાના અંતે મળે છે, તે સર્વનું દર્શન પણ એમના જીવનમાં યથાર્થ જોવા મળે છે.

એમના જીવનની સૌથી મહત્વની વાત હોય તો તેઓ કોઈ મતમતાંતરમાં બદ્ધ થયા નથી એ છે. તેઓએ બધી સાધન પ્રણાલિઓનું મૂળ તત્ત્વ ગ્રહ્યું અને પોતાના અનુભવના આધારે પોતાની સ્વકીય વિધેયાત્મક ધર્મ દૃષ્ટિ અને સરળ સાધન પ્રણાલિ વિકસાવી. સમગ્ર પ્રજાને સન્માર્ગે વાળવામાં ઘણો મોટો ફાળો સાધુસંતો આપતા હોય છે. પૂ. શ્રી. યોગેશ્વરજીએ આપણા વિપુલ ધાર્મિક સંસ્કૃત સાહિત્યને ગુજરાતી ભાષામાં અનુવાદિત કરીને એક મોટી યુનિવર્સિટી જેટલું કામ કર્યું છે. એ ભાષાંતરો તથા મૌલિક ધાર્મિક સાહિત્ય દ્વારા તેઓએ પોતાનો ઉજ્જવળ આધ્યાત્મિક સંદેશ સહુને પહોંચાડ્યો છે; જે આવતી અનેક પેઢીઓ સુધી લોકોને પ્રેરણાના પિયુષ પાતો રહેશે. તેઓ સાચા અર્થમાં એક સમન્વયકારી જ્ઞાની સંત હતા.

શ્રી યોગેશ્વરજીના પ્રાકટ્યદ્વારા સંત પરંપરામાં ઉદ્રેક આવ્યો તે મહત્વનું છે. તેઓએ પરા અને અપરા વિદ્યાઓ વચ્ચેનો ભેદ પોતાના જીવનમાં આચરી બતાવ્યો. જેનાથી अक्षरं अधिगम्यते–અક્ષર બ્રહ્મની સાચી ઓળખાણ થાય તે પરા વિદ્યા. વળી જે જાણ્યા પછી કંઈ પણ જાણવા જેવું શેષ ન રહે, તેજ સાચી પરબ્રહ્મની ઓળખ. અનુભૂતિવાળા સંત માટે જ કહેવાયું–છે કે "શાંતિ પમાડે તેને રે સંત કહીએ"

આ બધાનું પ્રત્યક્ષ દર્શન પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનમાં આપણને થાય છે.

પૂ. શ્રી યોગેશ્વરજીએ સાચી આધ્યાત્મિકતા શું કહેવાય, તેની સરસ સમજ આપી, ઘણુ ગંજાવર ને માતબર કામ કર્યું છે, કહો કે એ રીતે તેઓએ આધ્યાત્મિક ક્ષેત્રે સાચું નેતૃત્વ કે ગુરુપણું પૂરૂં પાડ્યું છે.

પ્રારંભમાં તેઓશ્રીએ કહ્યું કે આજે-પંદરમી ઓગસ્ટે યોગાનુયોગ-ત્રણ વસ્તુઓ એક સાથે ભેગી થઇ છે; ભારતનો સ્વાતંત્ર્યદિન, યોગી શ્રી અરવિંદનો જન્મદિન અને મહાત્મા શ્રી યોગેશ્વરજીનો પણ જન્મદિન. આ કાંઈ કોઇ અકસ્માત્ નથી; પરંતુ તેની પાછળ ગૂઢ રહસ્ય રહેલું છે. આ બન્ને મહાપુરુષોએ ભારત અને ભારતની બહાર લોકોને અધ્યાત્મ ભાવનાથી રંગવાનું ને દેશમાં સાચી ધાર્મિકતાના મૂળિયાં ઊંડાં નાંખવાનું અદ્‌ભુત કાર્ય કર્યું છે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી આજે એમના એ કાર્યને આગળ ધપાવવા માટે તપ કરી રહ્યાં છે. પ્રભુ, એમને એમના પ્રયત્નમાં સફળતા આપે, એ પ્રાર્થના સાથે પૂ. શ્રી-ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, મારું વકર્તવ્ય પૂરૂં કરું છું.

શરૂમાં શ્રી વાસુદેવભાઇ મહેતાએ ડો. શ્રી. રમણભાઇ જોષીનો પરિચય આપતાં જણાવ્યું કે તેઓ ગુજરાત યુનિવર્સિટી-માં ગુજરાતી ભાષા વિભાગના અધ્યક્ષ છે, એટલુંજ નહિ પણ ગુજરાતી સાહિત્ય પરિષદના પણ ઉપપ્રમુખ છે. ૧૯૬૩-ની સાલમાં પ્રકટ થયેલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકોની સમીક્ષા કરતાં તેઓએ પૂ. શ્રી યોગેશ્વરજીનું શ્રેય અને સાધના પુસ્તક વાંચી કોઇપણ પ્રકારનાં પ્રત્યક્ષ પરિચય વગરે તેઓને એક વિરલ વિભૂતિ તરીકે ઓળખાવ્યા હતા.



ડો. અશ્વિનભાઈ પટેલે કહ્યું હતું કે શ્રી યોગેશ્વરજી પૂર્ણ પુરુષોત્તમનું એક નાનકડું રૂપ હતા, એમ હું માનું છું.

તેઓએ જે વિપુલ સાહિત્ય રચ્યું છે તે ચિરંજીવ ને સનાતન બની રહેશે; એવી શ્રદ્ધા પ્રકટ કરી હતી. વળી પૂ. મા શ્રી સર્વેશ્વરી એમના જીવન કાર્યની મશાલને જલતી રાખી રહ્યાં છે, તે હકીકત છે.

અંતમાં તેઓએ ઉમેર્યું હતું કે મારા સાહિત્યના લખાણ-માં પણ તેજ અને પ્રબલતા પૂ. શ્રીના પરિચય પછીજ પૂરાયાં છે.

પ્રો. શ્રી શશીકાન્તભાઇ કોન્ટ્રેકટરે પોતાના ટૂંકા વકતવ્ય-માં પૂ. શ્રીને ભારતીય સંસ્કૃતિના પ્રમુખ વ્યાખ્યાતા તરીકે બીરદાવ્યા હતા, તથા તેમના આધ્યાત્મિક કાર્યોને એક શ્રેષ્ઠ કૃષિકારની સાથે સરખાવ્યું હતું.

શ્રી ઈલાબેન પાઠકે પૂ. શ્રીના જીવન વિષે બોલતાં કહ્યું હતું કે મને તેઓ પ્રત્યે આદર ને પૂજ્યભાવ થયો તેનું કારણ-તેઓનું સ્વચ્છ વ્યકિતત્વ, તેઓનો સાદો સફેદ ખાદીનો પોષાક આધ્યાત્મિકતાના આડંબર વિનાનો છતાં ચીલાચાલુ પંરપરાવાળો નહિ, જ્ઞાનનું કોઇ મિથ્યા પ્રદર્શન નહી અને આધ્યાત્મિક અનુભૂતિના રણકારવાળી શુદ્ધ સચોટ ગુજરાતી-ભાષા વગેરે લેખી શકાય.

શ્રી ચંપકભાઇ શાહે પૂ. શ્રીને ગુજરાતના એક મહાન સંત તરીકે ઓળખાવ્યા હતા, જ્યારે શ્રી હરગોવિંદભાઇ ભટ્ટે તેઓને સર્વશાસ્ત્રોના નીચોડરૂપ સાહિત્યના સર્જક ને અદ્‌ભુત વકતા તરીકે બીરદાવ્યા હતા.

* —— *

# 'ખુલ્લી કિતાબ'

અતુલ કોન્ટ્રેક્ટર

જીવનના કેટલાક દિવસો, કેટલાક કલાકો, ક્ષણો તેની અસાધારણતા અને વિશિષ્ટતાને લીધે યાદગાર બની રહે છે. એ ચિરસ્મરણીય દિવસોની છાપ હૃદયમાં શિલાલેખ માફક કોતરાય જાય છે. તેની સ્મૃતિ થતાં તે દિવસો આપણા સ્મૃતિ પટ પરથી પસાર થવા માંડે છે, પ્રસન્નતા અને પ્રેરણા પ્રદાન કરે છે. એ પ્રેરક પ્રસંગો અત્યારેજ થઇ રહ્યા હોય એવી અનુભૂતિ સહજ થાય છે. ૨૩મી મેથી ૨૦ જૂન સુધી-અઠ્ઠાવીસ દિવસો, અમારી ગંગા યાત્રાના અણમોલ, અનોખા, અવિસ્મરણીય હતા. આ યાત્રામાં બાર જેટલાં ભાઇબહેનો પૂ.મા સાથે હતાં.

પૂ.માશ્રી સર્વેશ્વરી સાથે અમારી યોગ્યતા ન હોવા છતાં, તેમની કૃપાથી યાત્રામાં જોડાવવાનું બન્યું. એટલુંજ નહીં તેમની સાધનાને અને જીવનને નજીકથી નિહાળવાનું મળ્યું. તેને મારા જીવનની ધન્યતા માનું છું.

પ.પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના સાધનાત્મક જીવનને જોનાર પૂ. માતાજી જ્યોતિર્મયી આજે આપણી વચ્ચે નથી. પરંતુ પૂ.શ્રીની પાછલી અવસ્થામાં એમના અંગત જીવનને ખૂબ નજીકથી જોવાનું અને એમની સાધનાને સુચારૂરૂપે સમજવાનું જેમને સૌભાગ્ય પ્રાપ્ત થયેલું, તે પૂ. માશ્રી સર્વેશ્વરીએ પોતાની ડાયરીઓ દ્વારા બતાવ્યું છે કે એ કેવા મહાપુરુષ હતા.

પૂ.શ્રીનો સ્વભાવ, રહેણીકરણી અને પ્રતિષ્ઠાજ એવી હતી કે તેમના અંગત જીવન ને સાધના સુધી કોઇ પહોંચી



ન શકતું. ફક્ત 'પ્રકાશના પંથે'માં લખેલ જીવનને વાંચીનેજ સંતોષ માનવો પડતો.

પૂ.મા સર્વેશ્વરી સાથે યાત્રા દરમ્યાન અમે હરિદ્વાર, ઋષિકેશ, દેવપ્રયાગ, દીલ્હી વિ. સ્થળોએ ગયાં, ત્યાં એમના જીવનને ખૂબ નજીકથી જોવાનો લ્હાવો મળ્યો. ગાંધીજી કહેતા કે જીવન તો 'ખુલ્લી કિતાબ' જેવું હોવું જોઇએ. અને તે પ્રમાણે તેઓ જીવી ગયા. પૂ.માનું જીવન પણ તેવુંજ ખુલ્લી કિતાબ જેવું છે. તેમની સાથે રહેનાર, યાત્રા કરનાર સાધક પોતાની બૌદ્ધિક અને આધ્યાત્મિક સમજ અને શક્તિની મર્યાદામાં રહીને પૂ.માની સાધનાત્મક અવસ્થાને સમજી શકે. વળી યાત્રામાં સાથે આવનાર સાધકભક્તો સાથે તેઓ કેવો વહેવાર કરે છે તે પણ જો આંખ ખુલ્લી રાખીએ તો જાણી શકાય છે.

પૂ.માના 'ખુલ્લી કિતાબ' જ્યાં જીવનનાં થોડાં પાનાં ફેરવવાની તક મને યાત્રા દરમ્યાન મળી એને હું ઈશ્વરની કૃપા માનું છું. એ ખુલ્લી કિતાબનો અક્ષરદેહ આપું તો અસ્થાને નહીં ગણાય.

* નિદ્રાદેવી પર વિજય મેળવ્યો હોય તેમ પૂ.મા રાત્રે લગભગ સૂતાં નહીં. રાત્રિના એ પ્રશાંત સમયને જપ, પ્રાર્થના તો ક્યારેક ભજનની પંક્તિઓને રટવામાં પસાર કરતાં.

* સવારે નિત્યકર્મથી નિવૃત્તથઈ લગભગ ૫.૩૦થી ૬.૦૦ વચ્ચે ભક્તો સાથે ગંગા કિનારે જવાનું બનતું ત્યારે પૂ.મા સવાચારસો ઉપરાંત દિવસોના અન્નવિનાના ઉપવાસ હોવા છતાં પગપાળા જવાનો આગ્રહ રાખતાં. ક્યારેક મધ્યમ તો ક્યારેક તીવ્ર ગતિથી તેઓ ચાલતાં. પણ જો વધારે લાંબાં અંતરે જવાનું હોય તો ભક્તોના આગ્રહને વશ થઇ સાયકલ

રીક્ષામાં બેસતાં અને તેનું ભાડુ પણ તેઓ આપી દેતાં. કોઇને ભારરૂપ ન થવાય તેની પૂ.મા અવશ્ય કાળજી રાખતાં.

* રસ્તામાં આવતાં વિવિધ દેવ મંદિરો તરફ મોટાભાગે ફક્ત દૃષ્ટિપાત કરતાં. ક્યારેક દર્શન કરવા જાય તો પગથિયાંને ઉમરાને સ્પર્શકરવો કે ઘંટારવ કરવો વિ૦ વિધિઓને ના કરતાં. બની શકે તો ગર્ભદ્વાર પાસે જઇ મનમાં પ્રાર્થના કરતાં ને નીચા નમી પ્રણામ કરતાં.

* પ્રભાતની પગપાળા યાત્રા દરમ્યાન રસ્તામાં મૌન જ રાખતાં, ઈશારાઓ પણ ન કરતાં. ગંગા ઘાટ પર પહોંચ્યા પછી પણ મૌન રાખી જપ કરતાં.

* જપ દરમ્યાન ક્યારેક આંખો બંધ તો ક્યારેક ગંગાજીના પુનિત પ્રવાહ તરફ દૃષ્ટિ કેન્દ્રિત થતી. એક હાથમાં નાની સફેદ ગૌમુખીમાં માળા અને બીજા હાથમાં માળાની ગણતરી કરનારું યંત્ર રાખતાં. તેમની રોજની ૨૫૦ માળાનો નિયમ રહેતો.

* માળા પૂરી થયા પછી વિવિધ પ્રકારની ધૂન કે ભજનની પ્રાર્થના સમાન પંક્તિઓ લખેલી લાલકલરવાળી નાની ડાયરી-માંથી કોઈક ધૂન કે ભજન પંક્તિને થોડો સમય રટ્યાં કરતાં. ત્યારબાદ વિષ્ણુસહસ્રનામનો પાઠ અને સરળગીતાનો અધ્યાય અચૂક વાંચતાં. છેલ્લે તેમની અંગત ડાયરીમાં એક પાન ભરી પ્રાર્થના લખતાં. ક્યારેક પોતાના આધ્યાત્મિક અનુભવો લખેલી ડાયરી કે પૂ.શ્રીના અમુક પ્રેરક લખાણોને મનોમન વાંચતાં. ક્યારેક ગરમી વધારે હોય તો ગંગાજીના પ્રવાહમાં તેમનાં ચરણકમળને રાખીને ઉપરની ક્રિયાઓ કરતાં.

* અંગત સાધના પછી ધૂન કે ભજન સમૂહમાં થતાં, ગુરુદેવની આરતી, બાવની અને છેલ્લે ગંગામાતાની સ્વરચિત



આરતી અવશ્ય ગવાતી. આ સઘળી સાધના દરમ્યાન પૂ.માની તન્મયતા, લયની અવસ્થાને સૌ કોઈ જોઈ શકતાં. ઉઠતી વખતે ગંગાજીને અર્ધ્ય અર્પીને જ ઊભાં થતાં.

* પૂ.મા ઉપવાસી હોવા છતાં તેઓ કાયમ સ્ફૂર્તિમાંજ દેખાતાં. રોજ લગભગ ૪૦ પગથિયાંનો દાદર બેવાર ચઢતાં ને ઉતરતાં. એક દિવસ તો હરિદ્વારથી નજીકમાં આવેલ ચંડીદેવીના પર્વતપર આવેલા મંદિરની પણ પગપાળા સાધકો સાથે યાત્રા કરી. તે સ્થાન શ્રી અંબાજીના ગબ્બર પર્વત કરતાં ઘણી ઊંચાઈ ઉપર આવેલું છે.

ગંગાજીથી ઉતારા પર આવ્યા પછી કહીક બારણુ બંધ કરી પોતાની રીતે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ઇચ્છા શરીર ટકાવવા શું લેવાની છે, તે જાણી લેતાં અને તે પ્રમાણે લેતાં. એ દિવસોમાં મોટે ભાગે કેવળ ગંગાજળ જ લેવાનુ થતુ.

આમ છતાં જ્યારે લીંબુનું પાણી ખાંડ નાંખી બનાવવા-નું હોય તો ફક્ત કોઇ એક સાધકને તે સેવાનો લાભ મળતો. તે દરમ્યાન સ્વચ્છતાનો આગ્રહ તેઓ રાખતાં. વળી તે પદાર્થની તૈયારી કરતાં ભક્ત મનમાં પ્રાર્થના કે ભગવદ્ સ્મ-રણ કરે તેના પર ખાસ ભાર મૂકતાં. જે પદાર્થ લેવાના હોય તેના પૈસા તેઓ આપી દેતાં. આમ પૂ. માના ઉપવાસ પૂ. શ્રીની ઇચ્છાથી જ થઈ રહ્યા છે. તેમની આજ્ઞા મેળવીનેજ ઉપવાસમાં શું લેવું તે નક્કી થાય છે. પૂ. માની પોતાની અંગત ઈચ્છા કે હઠ તેમાં નથી. પૂ. શ્રીની આજ્ઞા એટલે તે પદાર્થ લેવાની છૂટ, એમ પૂ. મા માનતાં. આથી ક્યારેક દૂધ કે ફળની આજ્ઞા થાય છતાં ફક્ત લીંબુનું પાણી કે ગંગાજળ પર જ દિવસ પસાર કરતાં. આજ્ઞા પ્રમાણે દૂધ કે

છાશ લાવવાનું બને પણ ઘણીવાર એવું બનતું કે તે પદાર્થને જોઇનેજ તેના પરથી ઘણા દિવસો સુધી પૂ. માનું મન ઉપરામ થઈ જતું અને તે ગ્રહણ ન કરતાં. મનની ઉપરામતાની સ્થિતિ, તેનું કારણ જાણવું ઘણું મુશ્કેલ થઈ પડતું. અમે એવું માનતા કે તે પદાર્થની સ્વચ્છતા, પવિત્રતા કે લાવનાર સાધકના મનોભાવો, તો ક્યારેક તે પદાર્થ પર અન્ય વ્યક્તિઓની વિશેષ નજર/દૃષ્ટિની અસર મનની ઉપરામતા પર અસર કરતી હશે. આખરે તો આ અમારા અનુમાન જ હતાં. સાચું કારણ તો પ્રભુજ જાણે. જો કે હવે તો પૂ. માએ દેવપ્રયાગની યાત્રાથી ફળ અને તા. ૨-૭-૮૫ ગુરુપૂર્ણિમા પછી દૂધ પણ ધ્યેયપ્રાપ્તિ સુધી લેવાનું બંધ કર્યું છે.

* પૂ. મા જ્યારે મૌન રાખતાં ત્યારે તેમની માનસિક ભૂમિકા કંઈક ઓરજ થઇ જતી. પૂ. મા હસતા–હસાવતાં, સામાન્ય દેખાતા મા ન રહેતાં. તેમની આંખો, તેમનો ચહેરો કોઈક અતીતના ઉંડાણના પદાર્થો તરફ ખોવાયેલો છતાં ખૂબ જ તેજસ્વી લાગતો. આ પૃથ્વી પરની વસ્તુઓને, વ્યક્તિઓને જોવામાં તેમને જરાપણ રસ ન રહેતો. સાથે આવેલા સાધકો પણ જાણે કે વળગણ રૂપ હોય તેમ એકદમ ઉપરામતાનો ભાવ આવી જતો. ઉતારા પર પોતાના પલંગ પર આરામથી બેઠા બેઠા સામે રાખેલી પૂ શ્રી ની તસ્વીર પર અનિમેષ દૃષ્ટિથી જોઇ રહેતાં, તો ક્યારેક આંખો બંધ કરી દેહભાનને ભૂલી જતાં. ઘણાં દિવસો પૂ. શ્રી ની આજ્ઞા પ્રમાણે શું લેવાનું છે, તે જાણીને તેની વ્યવસ્થા કરવા માટે અમારે પૂ. માના રૂમમાં જવાનું બનતું, તો પૂ. મા બહાર સત્સંગમાંથી આવ્યા પછી ભીતરની દુનિયામાં ખોવાઇ ગયેલાં માલૂમ પડતાં. સ્થળ–કાળ, અને દેહભાન ભૂલીને આત્મામાં જાણે કે એકાકાર થઇ ગયેલી પ્રશાંત મુખમુદ્રાનું દર્શન થતું. એ અવસ્થા કેટલો વખત રહે



તે કાંઇ નક્કી નહીં. ક્યારેક અડધો કલાક તો ક્યારેક કલાક સુધી અમારે ઘણીવાર પૂ. માની જાગ્રત દશા માટે રાહ જોઇ બેસી રહેવું પડતું. એ અલૌકિક દશામાં અમને વિક્ષેપ પાડવાની ઈચ્છા ન થતી. તે સ્થિતિને જોવામાં અમને અપૂર્વ આનંદની પ્રાપ્તિ થતી. સમાધિ જેવી એ અલૌકિક અવસ્થાને પ્રત્યક્ષ નિહાળવાનો મારી જિંદગીમાં તે પ્રથમ અનુભવ હતો. એ થાકને લીધે ઊંઘ ન હતી તે હું જોઇ શકતો. સામાન્ય રીતે આંખો બંધ કરે એટલે દસ–પંદર સેકંડમાંજ પૂ. મા દેહભાન ભૂલી જાય છે, એમ તેઓ કહેતાં. જાહેર સત્સંગમાં પણ તેઓને પરાણે મનને લય પામતું, અલૌકિક દશામાં ચાલી જતું અટકાવવું પડે છે.

* ઘણી વ્યક્તિઓને પૂ. માના ઉપવાસમાં આશ્ચર્ય થાય કે આટલા બધા દિવસ અન્નવિના તો રહી શકાતું હશે ! પણ મને પૂ. માની નજીક રહેવાનો જે અવસર મળ્યો તે દરમ્યાન જોયું કે પૂ. મા પોતાના રૂમમાં ખાનગી રીતે ભોજનના એવા પદાર્થો રાખતાં ન હતાં. અને જો પ્રસાદ કદાચ હોય તો તેની માત્રામાં ફેરફાર થયા વગરનો એવોજ અસ્પૃશ્ય હોય તેમ પડી રહેલો માલૂમ પડતો. ક્યારેક ફળની માત્રા ઓછી કે ખલાસ થઇ ગયેલી જોતો, તો તરતજ તે પદાર્થો બગડી ગયેલા હોવાથી કચરાની ટોપલીમાં દૃશ્યમાન થતા. પૂ મા પોતાની રીતે ખૂબજ વફાદાર રહીને ઉપવાસ કરી રહ્યાં છે. તેમને આવતાં સ્વપ્ન કે થતા અનુભવોમાં પણ એ જાગૃતિ રહે છે એમ પૂ. મા નિખાલસ પણે કહેતાં.

* હું યાત્રામાં જોડાયો ત્યારે મનમાં વિચાર આવેલો કે પૂ. શ્રીની સાથે યાત્રામાં જવાનું બને ત્યારે પૂ. શ્રી પોતાની દિવ્ય શક્તિ ની મદદથી પ્રભુની કે પરમશક્તિની ઈચ્છાને જાણી લેતા અને તે મુજબ ક્યારે, કઇ રીતે ક્યાં જવું તે પ્રમાણે આજ્ઞા કરતા

પણ પૂ. મા સાથે જઇશું તો બધું આપણી ઇચ્છા કે યોજના પ્રમાણે જ થશે એવું કલ્પેલું. પરંતુ આ યાત્રા દરમ્યાન જોયુ. કે પૂ. મા પણ આવા નિર્ણયો પ્રભુને પૂછીનેજ લેતાં. તમને થશે કે પૂ. મા પ્રભુની ઇચ્છાને કઈ રીતે જાણતાં હશે ? તો યાત્રા દરમ્યાન મેં જોયું, જાણ્યું તે પ્રમાણે પૂ. મા જે બાબતે નિર્ણય લેવાનો હોય તે સંકલ્પ કરી પૂ. શ્રી સમક્ષ પ્રાર્થનાભાવે બેસે (પૂ. શ્રીની તસ્વીરને પૂ. મા પૂ. શ્રી પોતે-જ છે, એમ માને છે) અને તે અવસ્થા દરમ્યાન જ પ્રશ્નોના પ્રત્યુત્તરો મળી જાય. આ વિધિમાં ફક્ત ચાર-પાંચ મિનિટો જ થતી. આમ અમારી યાત્રામાં અમારે કયાં, કયારે, કઈ રીતે જવું, ત્યાં કયાં ઉતરવું તેની વ્યવસ્થા ઈશ્વરની સનાતન શક્તિ જ સીધી કે આડકતરી રીતે કરતી અને એ નિર્ણયો સર્વપ્રકારે સુખદ ને કલ્યાણકારક જ થતા તે અમે જોઈ શકતા હતા. ઘણીવાર એવું પણ બનતું કે એ નિર્ણયો પૂ. માની પોતાની વ્યક્તિગત ઇચ્છાથી વિરૂદ્ધના પણ હોય છતાં પૂ. મા એનો સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરી, ચુસ્તપણે અમલ કરતાં. એવું આ યાત્રા દરમ્યાન બેચારવાર અમને જોવા મળ્યું.

* પૂ. મા ભજનો ખૂબ સારાં, ભાવવાહી લખે છે. બધાને ગમે છે. તો આપણને એમ થાય કે પૂ. મા ભજનો કેવી રીતે, કયા સંજોગોમાં લખતાં હશે ? પૂ. માના જીવન-ની ખુલ્લી કિતાબના એ પ્રકરણને પણ જોવાનો અવસર મને મળ્યો. અમારી ટેક્ષી હરદ્વારથી દેવપ્રયાગ તરફ ઉત્તુંગ પર્વતમાળાઓની વચ્ચેથી સર્પાકાર માર્ગો પરથી પસાર થઇ રહી હતી. ઉનાળાની ગરમીના એ દિવસોમાં પણ વાતાવરણ વાદળછાયું, શીતળ અને એકદમ સાનુકૂળ હતું. ગુરુદેવ પ્રભુની સાધના ભૂમિમાં જઈ રહ્યા હતાં. હું પૂ. માની ટેક્ષી-



માં હતો. એટલામાં જ પૂ. માના મનમાં ભજનની/પ્રાર્થનાની પંક્તિઓ સ્ફૂરવા લાગી. પૂ. માએ મને કાગળ, પેન લઇ લખવાનો ઇશારો કર્યો. પૂ. મા મોટેથી ગાતાં ગયાં અને હું લખતો ગયો. દેવપ્રયાગ પહોંચતાં સુધીમાં દસેક પંક્તિઓ લખાઇ હશે. તેના પ્રારંભિક શબ્દો હતા :

'છોડું તુજને કદી નહી, આશિષ દઈ દે આજ અહીં;...'

વળી એક દિવસ અમે સૌ ગંગાકિનારે શાંતિથી જપ-ધ્યાન કરી રહ્યા હતાં. તેટલામાં જ પૂ. મા પ્રેરણા થવાથી કંઇક લખવા લાગ્યાં. પછી એકદમ વિરહના દુઃખની આંસુ સાથેની એ અવસ્થામાં અમને ગાઈ પણ બતાવ્યું. જેના શબ્દો નીચે મુજબ હતા.

'શોધું તુંજને પ્યારા પ્રભુ, કહે કયાં મને મળશે તું ?...'

અને તે પુરું થતાંજ એ શોધ જાણે કે પૂરી થઇ ગઈ હોય તેવી દિવ્ય અનુભૂતિ થઇ અને તે અનુભવને પણ શબ્દોનું રૂપ પણ તરતજ અપાઇ ગયું. અને પૂ. મા ખૂબજ આનંદમાં આવી બીજી નવી પંક્તિઓ સંભળાવવા લાગ્યાં :

'છોડી મુજને ગયો નથી, હવે કયાંય ના શોધું તને...'

* પૂ. મા પોતાની સાધનાને વધુ વેગવાન બનાવવા ગંગાકિનારે આવ્યાં હતાં તેનો અર્થ એવો નહીં કે સાથે આવનાર સાધકોનું જરાય ધ્યાન ન રાખતાં. તેઓ તો મા છે. મા પોતાના બાળકો પ્રત્યે કદીયે ઉદાસીન બની દુર્લક્ષ આપે એવું ન બને. દરેક સાધક પોતાની સાધનાની પ્રવૃત્તિ-ઓ નિયમિત કરે, વધારે તેનું ધ્યાન રાખતાં, કદીક માર્ગ-દર્શન પણ આપતાં. પોતાના ઉપવાસ ચાલતાં હોવા છતાં સૌ સાધકો નિયમિત રીતે સંતોષપૂર્વકનું ભોજન લે તેવો આગ્રહ રાખતાં. અને સૌને ભોજનથી તૃપ્ત જોઈ તેઓને

અપૂર્વ આનંદ અને સંતોષની લાગણી થતી. જીવન વ્યવહારની ઘણી નાની નાની બાબતોમાં સાધકોને તેઓની ભૂલો ધ્યાન પર લાવી આદર્શ બનાવતાં. ક્યારેક સાધક શારીરિક માંદગીમાં સપડાય તો 'હેડ નર્સ'ની માફક ખૂબ પ્રેમપૂર્વક સેવા કરતાં અને તે અંગે યોગ્ય માર્ગદર્શન આપતાં. તેમની અમારા પ્રત્યેની કાળજીને જોઈ, વાત્સલ્ય અનુભવી પછી તો તેઓને 'મા'ના પવિત્રતમ સંબંધ સિવાય બીજા કયા સ્થાને બેસાડી શકાય !

સંતની સાથે યાત્રા કરવા જઇએ એટલે સંતની અલૌકિક શક્તિના, જેને કદાચ ચમત્કાર કહી શકાય તેવા ઘણા પ્રસંગો આ યાત્રામાં પણ બનેલા. પૂ. માના જીવનના, તેમના જીવનની ખુલ્લી કિતાબના તો એવા અનેક પ્રકરણો છે. પરંતુ તે છતાં આ થોડો અંશ પણ સૌને રસપ્રદ થઈ રહેશે. હરિઃ ૐ

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે—સુરત.



# પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામ ગૃહને મળેલી સહાય

પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ માટે છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ—

| | |
|---|---|
| રૂા. | |
| ૧૫૦૦૦-૦૦ | શ્રી જશભાઇ પટેલ, વડોદરા. |
| ૫૧-૦૦ | ,, મણીલાલ ભોગીલાલ શાહ (વડોદરા) |
| ૨૫૧-૦૦ | ,, રાજેશભાઇ દયાલજીભાઈ પૂજારા (ગાંધીનગર) |
| ૨૫૧-૦૦ | ,, ઈશ્વરભાઈ એમ. શાહ (વડોદરા) |
| ૧૦૦૦-૦૦ | ,, શાંતિલાલ નરભેરામ જપી (મુંબઇ) |
| ૫૦૨-૦૦ | ,, અશોકભાઈ રામજીભાઈ જાંબુચા |
| ૪૧-૨૩ | ,, ગુલાબબેન વસંતભાઇ (પનામા) |
| ૩૬-૩૫ | ,, શાંતાબેન નટવરભાઈ (પનામા) |
| ૨૪૧-૩૭ | ,, શોભનાબેન દિલિપભાઇ (પનામા) |
| ૧૨૯-૩૧ | ,, પ્રવિણાબેન સુરેશભાઈ (પનામા) |
| ૧૨૯-૩૧ | ,, લક્ષ્મીબેન દયારામભાઇ (પનામા) |
| ૧૨૬-૪૧ | ,, હસુબેન ધનસુખલાલ (પનામા) |
| ૧૨૬-૪૧ | ,, રમીલાબેન નટવરભાઈ (પનામા) |
| ૧૨૬-૪૧ | ,, લક્ષ્મીબેન રતીલાલભાઈ (પનામા) |
| ૬૦-૩૪ | ,, ઉર્મિલાબેન ભગવાનજી (પનામા) |
| ૬૦-૩૪ | ,, દેવીબેન સીતારામભાઇ (પનામા) |
| ૬૦-૩૪ | ,, સીતારામભાઈ રામભાઈ (પનામા) |
| ૬૦-૩૪ | ,, સોમીબેન ઈશ્વરભાઇ (પનામા) |
| ૬૦-૩૪ | ,, ઈન્દુબેન સુરેશભાઈ (પનામા) |
| ૬૦-૩૪ | ,, રંજનબેન પ્રવિણભાઇ (પનામા) |

રૂા.
૫૭–૪૭ શ્રી જેલીબેન મકનભાઇ (પનામા)
૫૭–૪૭ ,, સવિતાબેન ગોરધનભાઇ (પનામા)
૫૭–૪૭ ,, ધનીબેન મોહનભાઇ (પનામા)
૫૭–૪૭ ,, શાંતાબેન મગનભાઇ (પનામા)
૫૭–૪૭ ,, મીનાક્ષીબેન અમૃતભાઇ (પનામા)
૫૭–૪૭ ,, ઉર્મિલાબેન સુરેશભાઈ (પનામા)
૧૦૧ શ્રી છેલભાઇ રાવલ, અમદાવાદ
૧૦૧ ,, માધવભાઇ લ. ભક્ત, નેત્રંજ.
૭૨૦ ,, દોલતરાય કે. નાયક, ફર્ટિલાઈઝર, વડોદરા.
૩૦૧ ,, બી. કે. વાજા. સુરત.
૧૦૧ ,, ચંપકભાઈ મા. શાહ વડોદરા.
૧૦૧ ,, ગિરીશભાઇ જે. શાહ વડોદરા.
૧૦૧ ,, એક અનામી ભક્ત તરફથી.
૫૦ ,, કનકપ્રસાદ મંકોડી, રાજકોટ.
૧૭૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.
૫૦૧ ,, નલિનીબેન પી. મહેતા, ભાવનગર.
૧૦૦૧ ,, ચીમનલાલ ઠાકોરદાસ મહેતા, સુરત.
૨૪૪૧ ,, જશવંતીબેન પ્રીતમલાલ જોષી પ્રિટોરિયા દ. આફ્રિકા
૧૦૧ ,, સુમનલાલ મૂળજીભાઇ શાહ સુરત.
૭૫૧ ભાવિક ભક્તો તરફથી.
૫૫૦ ,, ભૂપેન્દ્ર સુતરિયા.
૧૧ ,, રેખા સુખલાલ શાહ સુરત.



# પ્રકાશના પંથે

સંક્ષેપઃ–પરમાર્થી

[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા]

આ વરસ ફરી વાર ઋષિમુનિસેવિત પુરાણપ્રસિદ્ધ ધામ બદરીનાથના સુંદર સ્થાનમાં જઈને સુદીર્ઘ સમયપર્યંત વસવાનો વિચાર થવાથી મેં દેવપ્રયાગથી બદરીનાથ માટે પ્રયાણ કર્યું. એ પુણ્ય પ્રવાસમાં મારી સાથે કુલાનંદ નામે એક ઉચ્ચ કોટિના મહાત્મા હતા.

કાશીમાં રહેતા અને સમાધિસ્થ થયેલા સુપ્રસિદ્ધ સિદ્ધપુરુષ સચ્ચેબાબા એમના ગુરુ હતા. એમની એમના પર કૃપા દૃષ્ટિ રહેતી અને એમની પ્રેરણા તથા એમના પથપ્રદર્શન પ્રમાણે જ એમનું જીવન ચાલ્યા કરતું. શ્રીનગરથી બદરીનાથના રસ્તે આગળ વધતાં એમના ગુરુદેવની વાત નીકળતાં એમણે જણાવ્યું: "મારા ગુરુ સચ્ચેબાબા ખૂબ જ સમર્થ છે. તેઓ મારા પર પોતાની વિશેષ કૃપાદૃષ્ટિ રાખે છે, મને સર્વપ્રકારે પથપ્રદર્શન તથા મદદ કરે છે. આજે વહેલી સવારે મને એમણે તમારા પૂર્વજન્મની સૂચના આપી."

"પૂર્વજન્મની સૂચના અને એ પણ મારા પૂર્વજન્મની?"

"હા, તમારા પૂર્વજન્મની. સૂચનાને બદલે માહિતી કહું તો તે વધારે યોગ્ય થશે."

મને થોડીક નવાઈ લાગી. મેં પૂછ્યું : "તેમણે તમને શી માહિતી આપી?"

"તેમણે તમારા પૂર્વજન્મ સંબંધી સંકેત કરતાં કહ્યું કે તમે રામકૃષ્ણ પરમહંસ હતા. એ હકીકત સાચી છે?"

"તમારા સમર્થ સદ્‌ગુરુએ આપેલી માહિતી તદ્દન નિરા-

ધાર અથવા ખોટી કેવી રીતે હોઇ શકે ?"

થોડી વાર શાંત રહ્યા પછી મેં એમને જણાવ્યું : "એ માહિતી મહેરબાની કરીને તમારી પાસે જ, તમારી અંગત માહિતી માટે જ, રાખી મૂકજો. એનો જ્યાં ત્યાં ને જેની તેની પાસે પ્રચાર કરતા નહિ."

એ પ્રસંગને લીધે મને એમને અને એમના ગુરુદેવને માટે માન ઉપજ્યું.

ઇ. સ. ૧૯૪૪માં મને થયેલ પૂર્વજન્મના જ્ઞાનના અલૌકિક અતીન્દ્રિય અનુભવ પછી સંત શિરોમણિ શ્રી જ્ઞાનેશ્વર મહારાજે, ભગવાન રમણમહર્ષિએ અને કેટલાક સ્વનામધન્ય જ્ઞાત અજ્ઞાત સંતોએ ધ્યાનની ઉંડી અવસ્થામાં મને મારા પૂર્વજન્મની માહિતી અનેકવાર પ્રદાન કરેલી. એવી માહિતી વરસો સુધી ઉપરાઉપરી આપવામાં આવેલી. સંતપુરુષ દ્વારા જાગૃતિ દશામાં પૂરી પાડવામાં આવી હોય એવો પ્રસંગ આ પહેલો જ હતો. એ દૃષ્ટિએ એનું મહત્વ ઘણું મોટું હતું."

બદરીનાથની પવિત્ર ભૂમિના એકાદ માસ જેટલા નિવાસ દરમિયાન ત્યાંની આબોહવા મને અનુકૂળ ના થઈ. ત્યાં શાંતિથી રહેવાની સર્વ પ્રકારની અનુકૂળતા હોવા છતાં મને મરડો થઈ ગયો. દવા લેવા છતાં પણ એની કશી અસર ના થઈ. એવી આરોગ્ય રહિત અવસ્થામાં પણ બે અદ્ભુત અનુભવો થયા. એથી એ યાત્રા અવિસ્મરણીય બની ગઇ. તા. ૪-૬-૧૯૪૭ ને દિવસે મારા નિત્ય નિયમ પ્રમાણે વહેલી સવારે હું ધ્યાનમાં બેઠેલો ત્યારે બદરીનાથ ધામના મુખ્ય અને એકમાત્ર આરાધ્યદેવ ભગવાન નરનારાયણનું દર્શન થયું. એ ઉપરાંત ધ્યાનાવસ્થામાં સ્પષ્ટ શબ્દોમાં ઉચ્ચ સ્વરે આદેશ મળ્યો કે "તમે વિશ્વના વિધાતા થશો. વિશ્વશાંતિ પ્રદાયક થશો."

તે જ દિવસે વહેલી પ્રભાતે ઈશ્વરના અલૌકિક અનુગ્રહને



પરિણામે એક બીજો અવિસ્મરણીય અદ્ભુત અનુભવ થયો. એક જ વયની, એક જ સ્વરૂપની, અસાધારણ સૌંદર્યસંપન્ન ઓગણીસ કન્યાઓએ મને એકેક પછી હાર પહેરાવ્યા. એ વખતે જ મને અંતઃપ્રેરણા થઈ કે એ કન્યાઓ રિદ્ધિ અને સિદ્ધિ તેમજ અષ્ટસિદ્ધિ ને નવનિધિ છે. ઈશ્વરની અહેતુકી કૃપાથી એવી રીતે સૂક્ષ્મજગતમાં મને રિદ્ધિસિદ્ધિ વરી એવું સમજી શકાયું.

માત્ર એટલા ધ્યાનાવસ્થાના અનુભવથી મને તૃપ્તિ થાય તેમ ન હતી. તો પણ મારી બદરીનાથ યાત્રા ફળવતી બની; આહ્‌લાદક અને અવિસ્મરણીય ઠરી. લગભગ એક મહિનો બદરીનાથ રહીને હું દેવપ્રયાગ આવ્યો.

દેવપ્રયાગ આવતાંવેંત મારી તબિયત બરાબર થઇ ગઈ.

એ દિવસોમાં મને એક વાત જરૂરી લાગી કે મારામાં હજી ઘણી કચાશ છે, કેમ કે સાચા ને પૂરા યોગીએ મન-ઇન્દ્રિયના જય સાથે પોતાના શરીરનો જય પણ કરવો જોઈએ એમ હું માનું છું. શરીરનો જય એટલે શરીરના ગુણધર્મો પર સ્વામિત્વ. સાધારણ માણસો શરીરના વ્યાધિ, વાર્ધક્યને મૃત્યુ જેવા વિકારથી પીડાય છે. તે વિકારોના બંધનમાં તે બંધાયા છે. એ બંધનને તોડીને યોગી પુરુષ મૃત્યુંજય બની શકે છે, વ્યાધિરહિત ને નિત્ય યુવા થઈ રહે છે. અલબત્ત આજ કાંઈ યોગનું પરમ પ્રાપ્તવ્ય નથી. યોગનું પરમ પ્રાપ્તવ્ય તો પૂર્ણતા એટલે આત્મદર્શન, જગતમાં બધે જ આત્મદર્શન કે ઈશ્વરદર્શન ને વ્યક્તિગત મર્યાદાઓને ખંખેરીને ઈશ્વરી શક્તિની પ્રાપ્તિ છે.

પરંતુ પોતાની ત્રુટિઓને જોવાની ને ખામી શોધી કાઢવાની ટેવ આ માર્ગમાં ખૂબ જ ઉપયોગી છે. માણસે આગળ વધવું હોય તો એનો આશ્રય લેવો જ રહ્યો. પ્રભુકૃપાથી

છેક જ શૈશવકાળથી મારી ખામીઓ પ્રત્યે સાવધ રહેવાની અને એને દૂર કરવાની મારી ટેવ રહી છે. એ ટેવ મારે માટે આશીર્વાદરૂપ થઇ પડી છે. નજીવી સિદ્ધિઓથી તૃપ્ત ને કૃતાર્થ થઇને બેસી રહેવાને બદલે પૂર્ણતાના પંથે મારું પ્રયાણ હું ચાલું રાખી શક્યો છું તે આ જ ટેવને લીધે.

મારી નિર્બળતાની ચિંતા ખૂબ જ રહી ગાંધીજીને સહાયક થવાની અને એ રીતે ભારતને ને સંસારને મદદ કરવાની મારી મહેચ્છા ક્યારે પૂરી થશે? પૂર્ણતા મેળવીને હું દેહનું સાર્થક્ય ક્યારે કરી શકીશ? બીજા મહાત્માઓની દૃષ્ટિએ મારામાં તો હજી કંઇ જ નથી! એવા વિચારોમાં તરબોળ બનીને બેઠો હતો, ત્યાં જ એક અદ્ભુત પ્રસંગ બન્યો.

એ પ્રસંગ શાંતાશ્રમમાં ૨૪ જુન ૧૯૪૭ને મંગળવારે મધરાતે બન્યો હતો.

મારું દેહભાન જતું રહેલું. જંગલમાં એક નાની કુટિયા દેખાઇ. જોઉં છું તો સ્વામી રામતીર્થ જેવા કોઇ મહાપુરુષ છે. સ્ફુરણા થઇ કે એ દેવર્ષિ નારદ પોતે છે. તેમની સાથે મેં ઘણી વાતો કરી. મારા અસંતોષને જવાબ આપતા તેમણે કહેલું: “અરે તમે તે કોણ? તમારું ભૂત મહાગૌરવ! તેને યાદ તો કરો. તમે તમારા જન્માંતરને જાણો છો પછી આવો અસંતોષ કેમ?” મે કહ્યું: “એ બધુ યાદ કરું છું ત્યારે તો લાગે છે કે હજી મારામાં કંઇ જ નથી.”

“નહિ, નારદજીએ કહ્યું: મોટા મોટા સમ્રાટો પણ તમારી આગળ શું છે? દુનિયા તમારી પાછળ પાછી મુગ્ધવત થઇ રહેશે. સમય આવે છે. તમે આવી આર્તવાણી શું કહો છો?” એ સાંભળીને મને આનંદ થયો. મારું આત્મગૌરવ તાજું થયું. પછી નારદજીને આલિંગન કરીને મે કહ્યું: નારદજી, તમને યાદ કરું ને જોવાની ઇચ્છા કરું ત્યારે તમે



મારી પાસે પ્રગટ થશો એમ કહો, એવું વચન આપો. તે હસતા હસતા ધીરે ધીરે અદૃશ્ય થઈ ગયા. ધન્ય હો દેવર્ષિ મહાસિદ્ધ ભગવાન નારદ! ભગવાન નારદની જય હો.

દેવર્ષિ નારદજીનાં દિવ્ય દર્શનાનંદની અસર મારા પર અતિશય અસાધારણ થઇ. મને થયું કે એવા પ્રાતઃસ્મરણીય પરમાત્માના પરમકૃપાપાત્ર મહાપુરુષની મારા પર કૃપા દૃષ્ટિ છે. એમણે મને જે માર્ગદર્શન અને આશ્વાસન આપ્યું છે એ અમોઘ છે. એને લીધે મારો જીવનપથ પ્રશસ્ત બનશે. મને પ્રતીતિ થઇ કે દેવર્ષિ નારદજી જેવા સ્વનામધન્ય શ્રેષ્ઠ સત્પુરુષ સાધકોના શ્રેયાર્થે આજે પણ એમની આગળ પ્રગટે છે અને એમને આવશ્યકતાનુસાર મદદ કરે છે. આપણી આગળ જે ભૌતિક સ્થૂળ જગત છે એના કરતાં જુદું જ સૂક્ષ્મ અથવા ઇન્દ્રિયાતીત જગત પણ અસ્તિત્વ ધરાવે છે. એનું અન્વેષણ હજુ બાકી છે. એમાં કેવા કેવા સિદ્ધ મહાપુરુષો વસે છે ને વિચરે છે એની અનુભૂતિ એમના અનુગ્રહથી કોઇક ધન્ય ક્ષણે પાવન પળે સ્વર્ગીય સ્થળે થાય છે, ત્યારે સ્વાનુભૂતિનાં નવાં જ ક્ષેત્રો ઉઘડવા માંડે છે ને નવીન શ્રદ્ધા–ભક્તિથી સંપન્ન બનાય છે.

એ અલૌકિક અનુભવ પછી ઈ. સ. ૧૯૪૭ ના જુલાઇ માસમાં મારે ફરીવાર દશરથાચલ પર્વત પર જવાનું થયું. ત્યાં સૌથી મોટી મુશ્કેલી પાણીની હતી. પાણીનું ઝરણું ઘણું દૂર હતું ને પાણી પણ અતિશય અલ્પ હતું. વળી પર્વત પર જેટલા દિવસ રહેવું હોય તેટલા દિવસની ખાદ્યસામગ્રી દેવપ્રયાગથી જ લઇ જવી પડતી. બીજો આવશ્યક સરસામાન પણ લઇ જવો પડતો. એને માટે સાથે કોઈ માણસ જોઇએ. ઈશ્વરકૃપાથી કોટિગામના રામેશ્વરે મારી સાથે આવવા તૈયારી બતાવી એટલે મારું કામ સરળ બન્યું.

દશરથાચલ પર પહોંચીને મેં થોડાક સમયને માટે મૌનવ્રત રાખી લીધું. પરંતુ એકવાર બધું અનાજ ખૂટી ગયું. વરસાદ પુષ્કળ પડતો હતો. વરસાદ બંધ થાય તો રામેશ્વરે નીચે ગામમાં જવું એવું નક્કી કર્યું. પરંતુ તપાસ કરતાં થોડી મગની દાળ નીકળી. રામેશ્વરે તેને તૈયાર કરી એટલે અમે ખાવા બેઠા. પરંતુ દાળ કેમે કરી ભાવે જ નહિ. ખૂબ જ જુની હોવાથી એનો સ્વાદ બગડી ગયેલો. બીજે દિવસે નીચેથી લોટ મંગાવી વ્યવસ્થા કરવી પડેલી.

એ દિવસો દરમ્યાન એક દિવસ મહાત્મા તૈલંગ સ્વામી તથા બંગાલી મહાત્માનું દિવ્યદર્શન થયેલું. તૈલંગ સ્વામી એક અસાધારણ સિદ્ધપુરુષ હતા. બંગાલી મહાત્મા પણ એક લોકોત્તર મહાપુરુષ હતા. બંગાલી મહાત્મા દશરથાચલ પર્વત પર લગભગ છ માસ સુધી રહેલા અને એમણે દેવ-પ્રયાગની સમીપના એક સ્થળે સમાધિદ્વારા શરીરત્યાગ કરેલો. દશરથાચલ પર રહેતી વખતે એમણે જણાવેલું કે આ પર્વત પર જે મારા દર્શનની ઇચ્છા કરશે તેને હું જરૂર આપીશ. એમનું કથન મારે માટે સાચું ઠર્યું.

દશરથાચલ પર સાધના અસાધારણ આનંદ અને ઉત્કટતા-પૂર્વક થઈ રહેલી. એ દરમ્યાન મને અંતઃપ્રેરણા થઈ કે આશ્વિન માસમાં ચોવીસ દિવસ એટલા બધા સુંદર આવે છે કે વાત નહિ. એક અન્ય દિવસે સમાધિની અલૌકિક અવસ્થામાં પ્રેરણા થઈ કે શાંતાશ્રમ જ મારી સાધનાની સિદ્ધિનું સુયોગ્ય સ્થાન છે. એ આજ્ઞાના પરિણામે અમે બીજે દિવસે દશરથાચલ પર્વતની વિદાય લીધી. પર્વતીય પ્રવાસને પૂરો કરીને મેં શાંતાશ્રમમાં પ્રવેશ કર્યો. છેલ્લે છેલ્લે થયેલા અવનવા અનુભવોને લીધે અંતરમાં એક પ્રકારનો અવર્ણનીય આનંદ, ઉત્સાહ અને સંતોષ હતો. (ક્રમશઃ)



પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનું

# વિરલ સંપ્રયાણ

—સત્સંગી

ભાગવતની કથા ચાલી રહી છે. વકતા છે ભાગવતભૂષણ પ્રા. શ્રી જનાર્દનભાઈ દવે.

પ્રસંગ છે ભીષ્મપિતામહનું બાણશય્યા પર શયન અને ઉત્તરાયણ થતાં મુક્તિ. ભાગવતના પહેલા સ્કંધનો નવમો અધ્યાય.

અહીં ઉત્તરાયણ એટલે જાન્યુ.ની ૧૪ તારીખથી શરૂ થતા છ માસ માટેનો ગાળો એ નહિ, એ તો પંચાગની ગણના માટે-જ્યોતિષની ગણતરીમાં મકર રાશિમાં સૂર્યના પ્રવેશની વાત થઇ. ઉત્તરાયણનો અહીં અર્થ છે-અયન એટલે ગતિ-ઉત્તર એટલે-શ્રેષ્ઠ તરફની ગતિ-જ્ઞાનોત્તર સ્થિતિ એવી ગતિ એટલે પ્રભુ પાસે પહોંચાડનારી ગતિ. એ જ્ઞાન વિના સંભવી શકે નહિ. બાણશૈયા પર શ્રી ભીષ્મપિતામહ સૂતા છે. શરીરમાં અસંખ્ય બાણો વાગેલાં છે, પરંતુ મનની સ્થિતિ એવી છે કે એની કોઇ પીડા નથી. મન સ્વસ્થ ને શાંત છે.

પિતામહનું આ પ્રમાણેનું મૃત્યુ એ મૃત્યુ નથી. એ તો સંપ્રયાણ છે. મૃત્યુ ને પ્રયાણમાં ફરક છે. મૃત્યુ માંદગીના પરિણામે આવે. તેમાં બેચાર દિવસ કે થોડા સમયની માંદગી હોય. પરંતુ પ્રયાણમાં માંદગી ન હોય. એમાં વ્યક્તિ પોતાનું બધુંજ નિત્ય કર્મ વ્યવસ્થિત રીતે પૂરૂં કરે, ઐહિક કે પારમાર્થિક ને નિયત સમયે ખૂબ સહજતાથી પોતાનું શરીર છોડી દે. એક ક્ષણમાંજ, સહેજ પણ વ્યથા કે પીડા

અનુભવ્યા વગર. આવું મૃત્યુ એ પ્રયાણ ગણાય. પિતામહનું મૃત્યુ એ તો સંપ્રયાણ છે. પ્રયાણોમાં પણ શ્રેષ્ઠ એવું–સંપ્રયાણ.

આજના યુગમાં આવું સંપ્રયાણ જોવું હોય તો પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના જીવનમાં જોવા મળે.

૧૮મી માર્ચ મુંબઇના કાંદીવલી પરામાં લક્ષ્મીનારાયણના મંદિરમાં-પૂ.શ્રી યોગેશ્વરજી ભાગવતની કથાનો પ્રારંભ કરી રહ્યા છે. રાત્રિનો સમય છે. આખા દિવસનાં બધાંજ કામો–વ્યાયામ, લેખન, જપ–ધ્યાન, લોકોના પ્રશ્નોનું સમાધાન, સાંજની પ્રાર્થના, ભોજન. અરે ઓચિંતા આશીર્વાદ પ્રદાનનું કાર્ય પણ પતાવી દીધું છે. બધુંજ વ્યવસ્થિત રીતે પૂરૂં કર્યું છે. ભાગવતની સમગ્ર કથાનો સાર સંક્ષેપમાં સમજાવતાં સમાપન કરે છે. “જ્યાં સુધી જીવ જ્યાંથી આવ્યો હોય એ બ્રહ્મમાં-કે પરમાત્મામાં પુનઃ પ્રવેશ પામતો નથી, ત્યાં સુધી એને શાન્તિ મળતી નથી. ભાગવતનો આ સાર છે.” બસ. આ છેલ્લા શબ્દો બોલી એમણે સહજ રીતે શરીરનો પરિત્યાગ કરી દીધો. આવું લીલા સંવરણ દુર્લભ છે. ભીષ્મ પિતામહ જેવુંજ એ સંપ્રયાણ છે. મોઢામાં અંતિમ સમયે ભગવાનની વાત, લક્ષ્મી નારાયણ મંદિર જેવું પવિત્ર સ્થળ અને જીવનના છેલ્લા શ્વાસ સુધી લોક હિતાર્થે પ્રવચન કરતાં કરતાં ચાલ્યા જવું કેવું વિરલ! ક્યાંય આસક્તિ નહિ, ક્યાંય મમત્વ નહિ. કેવી અદ્ભુત સાહજીકતાથી આ મહાપુરુષનું સંપ્રયાણ! આવી અંતિમ ગતિ દુર્લભ નહિ, સુ-દુર્લભ છે. કોઇક પરમ પવિત્ર વિરલ મહાપુરુષનેજ તે પ્રાપ્ત થાય છે.

પરમાત્મ દર્શનદ્વારા આ સંસારમાં જીવનમુક્ત દશાને પામેલા મહાપુરુષો, પ્રારબ્ધવશાત્, શરીર ધારણ કરવાનું



ચાલુ રાખે છે એટલુંજ નહિ પરંતુ અન્ય બદ્ધ જીવોની જેમ સર્વે લૌકિક કાર્યો ને ધર્માચરણ કરતા રહે છે. પરંતુ તેઓ તો અંદરથી મુક્તજ હોય છે. એમને માટે મૃત્યુ પછીની મુક્તિ જેવું હોતુંજ નથી. તેઓ તો દેહધારણ કર્યા છતાં જીવનમુક્ત દશાનો અનુભવ કરી રહ્યા હોય છે.

આ મહાપુરુષો, ભૌતિક દેહ છૂટી ગયા પછી વ્યાપક બ્રહ્મમાં ભળી જાય છે; કારણ કે ફરી જન્મવા માટે આવશ્યક એવા સ્થૂળ, સૂક્ષ્મ કે કારણ શરીરો તેમને હોતાં નથી. તો પછી પ્રશ્ન થાય કે બ્રહ્મમાં ભળી ગયેલા આવા મહાપુરુષો પાછળથી ભક્તો કે સાધકોને દર્શન આપી શકે ખરા?

જરૂર આપી શકે. એનું કારણ એ છે કે બ્રહ્મના અચિંત્ય મહિમાને લીધે, બીજા ઉપાસ્ય દેવ–દેવીઓની જેમ, તેઓ પણ યોગ્યતા ધરાવતા સાધકો, શિષ્યો કે ભક્તો સમક્ષ ભાવબળે પ્રકટ થઇને દર્શન આપે છે, વાતો કરે છે; અરે, એમના કાર્યોમાં મદદ પણ કરે છે. આમ કરવામાં એમના વ્યાપક બ્રહ્મીભૂતભાવને કોઈ પ્રકારની આંચ આવતી નથી. પ. પૂ. શ્રી નાથ ભગવાન તેમજ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા અન્ય મહાપુરુષોએ પોતાના ભક્તોને આ રીતે દર્શન આપીને કૃતાર્થ કરેલા છે. એમાં કોઈ શંકાને કારણ નથી. આવા અનુભવો બીલકુલ શાસ્ત્ર સંમત છે.

# જપનું રહસ્ય

-યોગાચાર્ય સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી
(કાયાવરોહણ)

અગ્નિ પુરાણમાં 'જપ' શબ્દનો અર્થ આ પ્રમાણે બતાવેલો છે :

जाकारो जन्मविच्छेदः पकारः पापनाशकः ।
तस्माज्जप इति प्रोक्तो जन्म पाप विनाशकः ॥

'જ' શબ્દનો અર્થ થાય છે જન્મનો વિચ્છેદ અને 'પ' શબ્દનો અર્થ થાય છે પાપનો નાશ. જે જન્મ-મરણ અને પાપનો નાશ કરે છે તે જપ તરીકે ઓળખાય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાને સ્વયં શ્રીમુખે ઉપદેશ્યું છે: यज्ञानां जपयज्ञोस्मि । 'હું યજ્ઞોમાં જપયજ્ઞ છું.' જપમાં વિવિધ પ્રકારના મંત્રોનું વારંવાર રટણ કરવાનું હોય છે. મંત્રનો અર્થ છે : અનુચિન્તન, ધ્યાન, વિદ્યા, જ્ઞાન અથવા વિજ્ઞાન.

જપમંત્રના બે પ્રકાર છે—પૌરુષેય અને અપૌરુષેય. આમાં અપૌરુષેય મંત્રો શ્રેષ્ઠ મંત્રો છે. ઋષિઓ મંત્રના દૃષ્ટા છે, સ્રષ્ટા નથી. ॐ, राम, ॐ नमो भगवते वासुदेवाय । ॐ नमः शिवाय । श्रीकृष्णः शरणम् मम । ગાયત્રી મંત્ર ઈત્યાદિ મંત્રો અપૌરુષેય છે. ॐ અને રામ મંત્રો બીજમંત્ર ગણાય છે.

મંત્રાનુષ્ઠાન દ્વારા સત્ત્વગુણની વૃદ્ધિ થતી હોવાથી ચિત્ત શુદ્ધ થાય છે, સંયમશક્તિ વધે છે, સદાચાર પાળી શકાય છે, મનની નિર્બળતા વિનષ્ટ થાય છે, મનોબલ વધે છે, લક્ષ્મી, યશ, ઐશ્વર્ય, આરોગ્ય, આયુવૃદ્ધિ ઈત્યાદિ ભૌતિક સિદ્ધિઓ સંપ્રાપ્ત થાય છે. સંક્ષેપમાં એવું કહી શકાય કે



ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ અર્થે મંત્રાનુષ્ઠાન અદ્વિતીય છે.

મંત્રોનો આવિષ્કાર યોગપારંગત ભારતીય યોગીઓએ કરેલો છે. તે પછી તેને અખિલ વિશ્વના વિવિધ ધર્મોએ અપનાવ્યો છે. અર્થાત્ જૈન, બૌદ્ધ, ઇસ્લામ, ખ્રિસ્તી ઈત્યાદિ ધર્મોમાં પણ મંત્રજપની પ્રથા છે.

મંત્રની બે જાતિ છે. પહેલી જાતિના મંત્રને જપવાનો મંત્ર કહે છે અને બીજી જાતિના મંત્રને મનન કરવાનો મંત્ર. જપવાનો મંત્ર સ્વલ્પ અક્ષરો કે ઓછા શબ્દોનો બનેલો હોય છે—અને મનન કરવાના મંત્રો બૃહદ્ ગ્રંથોના રૂપમાં હોય છે. અર્થાત્ શાસ્ત્રોના સિદ્ધાંતોને મંત્રો કહેવામાં આવે છે.

શ્રી સદ્ગુરુ દ્વારા વિધિયુક્ત અપૌરુષેય મંત્ર પ્રાપ્ત કરી તેનો જપ કરવો જોઇએ. જપ જપી શકાય અને લખી પણ શકાય. સદ્ગુરુ પાસેથી મંત્રદીક્ષા લીધા વિના પણ અભીષ્ટ મંત્રનો જપ કરી શકાય છે. પરંતુ તેમાં માર્ગદર્શનના અભાવે વાંચ્છિત પ્રગતિ થતી નથી. જેમ રોગીઓ નિષ્ણાત વૈદ્યોની, કલહ કરનારાઓ નિષ્ણાત વકીલોની અને વિદ્યાર્થીઓ કુશલ આચાર્યોની સહાયતા લે છે, તેમ સાધકોએ પણ સિદ્ધ પુરુષોની સહાયતા લેવી જોઇએ. જો જાપકને મંત્ર પર શ્રદ્ધા ન હોય પરંતુ મંત્રદાતા ગુરુ પર અચલ શ્રદ્ધા હોય તો પણ મંત્ર સિદ્ધ થાય છે.

જપના બે ભેદ છે : વાચિક અને માનસિક. વાચિક મંત્રની અંતરગત ઉપાંશુ જપ આવી જાય છે. જેમાં જપના મંત્રનું ઉચ્ચારણ સ્પષ્ટ સાંભળી શકાય છે તેને 'વાચિક' જપ કહે છે. જેમાં જાપકના હોઠ તો હાલે પણ મંત્રનું ઉચ્ચારણ પાસે બેઠેલી વ્યક્તિ પણ ન સાંભળી શકે, છતાં

પોતે મંત્રનું ઉચ્ચારણ સાંભળી શકતો હોય તેને ' ઉપાંશું ' જપ કહે છે. મંત્રના પદો અને અક્ષરોના શબ્દાર્થ સહિત મનથી ચિંતવવામાં આવે છતાં ન હાલે જિહ્વા કે ન હાલે હોઠ તેને ' માનસિક ' જપ કહે છે.

મંત્રજપ કરતી વેળાએ શરીર આદિથી અંત સુધી તાણ્યા વિનાનું છતાં સીધુ જ રાખવું જોઇએ. આથી કુવિચારો નહિ આવે. મંત્રજપમાં શરૂઆતમાં અભ્યાસના અભાવે કંટાળો આવતો પ્રતીત થાય છે પરંતુ અભ્યાસ વધતાં મન સહજ રીતે તેમાંથી આનંદ મેળવવા માંડે છે. ઉત્તમ જપ કરવા માટે આહાર સાદો અને મિત લેવો. બ્રહ્મચર્ય અને વ્યાયામ (આસનો-પ્રાણાયામ)નો અભ્યાસ કરવો. જો જપ દરમ્યાન મનમાં વિચારો આવ્યા કરતા હોય તો જપની ગતિ વધારી દેવી. બે મંત્રોની વચમાં વધુ અંતર હોય તો તે ઘટાડજો.

ભૂમિ વૃક્ષનું જીવન છે. વૃક્ષ જ્યાં સુધી ભૂમિમાંથી પોષણ પ્રાપ્ત કર્યા કરે છે, ત્યાં સુધી તેનું આયુષ્ય ટકી રહે છે. આત્મા મનનું જીવન છે. મન જેટલું આત્માભિમુખ બને છે તેટલું સમર્થ અને ઉન્નત બને છે. આત્મા જ સમસ્ત સિદ્ધિઓનો મહાનિધિ છે. તે આપણા શરીરમાં જ છે. જો આમજ છે તો પછી શા માટે દુઃખી થવું ? ધ્યાન ધરો, જપ કરો, હરિનામસંકીર્તન કરો અને પ્રભુપ્રાર્થના કરો. એનાથી દુઃખની ડરામણી શ્યામ છાયા અવશ્ય દૂર થશે.

(સંકલન : દારા જ. ભેસાણીઆ)



## નવા નોંધાયેલ આજીવન સભ્યો

છેલ્લા ચાર માસમાં અધ્યાત્મના નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે. એપ્રિલ '૮૫ના અંક પછી સ્થળ સંકોચને લીધે આ નામોની યાદી છાપી શકેલ નહિ, તો વાંચકો ક્ષમા કરે. હજી પણ ઘણાં નામો બાકી રહે છે, પણ તે નામો હવે પછીના અંકોમાં આપીશું. —તંત્રી.

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૭૦૯ | શ્રી માર્ગ સિન્ટેક્સ સુરત | ૨૫૧-૦૦ |
| ૭૧૦ | ,, ડાહ્યાભાઇ નારણદાસ ગજીવાળા, સુરત | ૨૫૧-૦૦ |
| ૭૧૧ | ,, મોર્ડન-ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝ સુરત | ૨૫૧-૦૦ |
| ૭૧૨ | ,, મંછારામ નાથુભાઇ માંડવીવાળા, સુરત. | ૨૫૧-૦૦ |
| ૭૧૩ | ,, જમેતરામ નાથુભાઈ માંડવીવાળા, સુરત. | ૨૫૧-૦૦ |
| ૭૧૪ | ,, સિસોદરા આર્ક વિદ્યામંદિર, સિસોદરા. | ૨૫૧-૦૦ |
| ૭૧૫ | ,, આર. વાડીલાલ. એન્ડ કું, સુરત. | ૨૫૧-૦૦ |
| ૭૧૬ | ,, મફતલાલ બી. ટાટરિયા, પાલનપુર | ૨૫૧-૦૦ |
| ૭૧૭ | ,, નયનાબેન છગનલાલ પટેલ, સુરત. | ૨૫૧-૦૦ |
| ૭૧૮ | ,, મકનભાઇ મોરારભાઇ ભક્ત, કબિરગામ | ૨૫૧-૦૦ |
| ૭૧૯ | ,, રામકબિર મંદિર, મુબઇ. | ૨૫૧-૦૦ |
| ૭૨૦ | ,, વિઠ્ઠલભાઈ સી. પારેખ, વડોદરા. | ૨૫૧-૦૦ |
| ૭૨૧ | ,, ઠાકોરભાઇ બી ઠક્કર, વડોદરા. | ૨૫૧-૦૦ |
| ૭૨૧ | ,, ગૌરીશંકર પી. ત્રિવેદી, વડોદરા. | ૨૫૧-૦૦ |
| ૭૨૩ | ,, ક્રિષ્ણા ટાઈલ્સ, વડોદરા. | ૨૫૧-૦૦ |
| ૭૨૪ | ,, અંબુભાઇ દાદાભાઈ પટેલ, ડભોઇ. | ૨૫૧-૦૦ |
| ૭૨૫ | ,, મૃદુલાબેન અરૂણભાઇ ગાંધી, વડોદરા. | ૨૫૧-૦૦ |
| ૭૨૬ | ,, એમ. ડી. કર્ણાવત હાઇસ્કુલ, પાલનપુર. | ૨૫૧-૦૦ |

૭૨૭ ,, આશિષ સુનિલકુમાર માસ્ટર, ઉધના. ૨૫૧-૦૦
૭૨૮ ,, કનૈયાલાલ રામચંદ કંદોઇ, વડોદરા. ૨૫૧-૦૦
૭૨૯ ,, હરેન્દ્ર રસીકલાલ પાઠક, બારડોલી. ૨૫૧-૦૦
૭૩૦ ,, કાન્તીલાલ ગોવીંદજી, દ્વારકા. ૨૫૧-૦૦
૭૩૧ ,, કે. કન્ટ્રકશન, ગોંડલ. ૨૫૧-૦૦
૭૩૨ ,, પી. સી. ખેતિયા, જામનગર. ૨૫૧-૦૦
૭૩૩ ,, દયારામ બી. પાઢ, જામનગર. ૨૫૧-૦૦
૭૩૪ ,, ઈબ્રાહિમભાઇ, મોરબી. ૨૫૧-૦૦
૭૩૫ ,, બાબુભાઈ રામભાઇ પટેલ, અમદાવાદ. ૨૫૧-૦૦
૭૩૬ ,, આર ડી. અગરવાલ, સુરત. ૨૫૧-૦૦
૭૩૭ ,, નિરંજનાબેન ડી. જોશી, અમદાવાદ. ૨૫૧-૦૦
૭૩૮ ,, નંદલાલ રતનશી છાટબાર, સુરેન્દ્રનગર. ૨૫૧-૦૦
૭૩૯ ,, જ્યોતિર્મયી સ્ક્રિન ડિઝાઈનર્સ, અમદાવાદ. ૨૫૧-૦૦
૭૪૦ ,, શેરથા સાર્વજનિક પુસ્તકાલય, શેરથા. ૨૫૧-૦૦
૭૪૧ ,, નગરપંચાયત પુસ્તકાલય, શિહોર ૨૫૧-૦૦
૭૪૨ ,, જે. શ્રી. લાઇબ્રેરી, લીમડી. ૨૫૧-૦૦
૭૪૩ ,, તખ્તસિંહજી લાઇબ્રેરી, બોટાદ. ૨૫૧-૦૦
૭૪૪ ,, નગરપંચાયત પુસ્તકાલય, રાણાવાવ. ૨૫૧-૦૦
૭૪૫ ,, ભાવનગર વૃદ્ધાશ્રમ, ભાવનગર. ૨૫૧-૦૦

## મહાત્મા યોગેશ્વરજી રોટીદાન સેવાકેન્દ્ર

કોઈ માણસને સત્કર્મની પ્રેરણા કયાં ને કેવી રીતે મળે, તે કોણ કહી શકે ?

મુંબઈના શ્રી બાબુભાઇ દેસાઇ પ. પૂ. શ્રી યોગેશ્વરજી-ને માત્ર એકવારજ મળ્યા. પહેલી અને છેલ્લીવાર તેય તા. ૧૮-૩-૮૪ ને દિવસે કે જ્યારે પૂ. શ્રીએ પોતાના ભૌતિક



શરીરનો ત્યાગ કર્યો. છતાં આ એકજ મુલાકાત એમના જીવનમાં સત્કર્મની પ્રેરણા કરી ગઇ. એમણે તે દિવસથી સંકલ્પ કર્યો કે ભિક્ષુકોને રોટીદાન કરવું. ત્રણેક મિત્રોની સહાયથી તેઓએ આ કાર્ય શરૂ કર્યું છે. તેઓ જાતેજ અઠવાડિયામાં ત્રણ દિવસ રોટલીઓ ને સંભાર કે દાળ લઇ પગે ચાલીને ભિક્ષુકોને ગોતીને રોટલીઓ આપે છે. એમણે આ પ્રવૃત્તિ માટે **"મહાત્મા યોગેશ્વરજી રોટીદાન સેવા કેન્દ્ર"** સ્થાપ્યું છે જે કોઇ સાધક ભાઈબહેનો આ કેન્દ્રને સહાય કરવા ઇચ્છતાં હોય, તેમણે નીચેના સરનામે સહાય મોકલવા વિનંતી છે. શ્રી બી. આર. દેસાઇ, સુંદરપાર્ક A બીલ્ડીંગ, બ્લોક નં. ૨૦૪ બીજે માળે, ઓફ વીરા દેસાઇ રોડ, અંધેરી વેસ્ટ, મુંબઇ નં. ૪૦૦,૫૦૮.

શ્રી બાબુભાઇ દેસાઇ વૃદ્ધ છે, પરંતુ સેવા ભાવનાથી આ સત્કર્મની પ્રવૃત્તિ કરે છે.

## મુંબઇમાં પૂ. શ્રીના જન્મદિનની ઉજવણી

મુંબઇથી શ્રી જંયતીભાઇ ઘીવાલા લખી જણાવે છે કે શ્રી પ્રેમપૂરી આધ્યાત્મિક ભુવનમાં પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો જન્મદિન તા. ૧૫મી ઓગસ્ટ, ખૂબ ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. આ કાર્યક્રમનું અધ્યક્ષપદ સ્વામીશ્રી ભાગવતા-નંદજીએ સંભાળ્યું હતું. તેઓએ પોતાની અદ્દભુત શૈલીમાં એક સંત પુરુષનો જન્મ માનવો માટે કેવો ઉપકારક નીવડે છે, તે સમજાવ્યું હતું.

## દિવાળી કાર્ડ

દર વર્ષે દિવાળીના તહેવારોમાં આપણે સગાંસંબંધી, મિત્રો, સ્નેહીઓ, તેમજ ધંધાકીય સંબંધોવાળી વ્યક્તિઓ-

ને ગ્રિટીંગ લખતા હોઈએ છીએ. આ વર્ષે યુવક કલ્યાણ કેન્દ્રે પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ પ્રબોધેલાં ઉત્તમ ધર્મ વાક્યો ને પ્રાકૃતિક સૌંદર્યનો સમન્વય કરેલા સુંદર કાર્ડ છપાવવાનો નિર્ણય કરેલ છે. એટલે જે કોઈ સાધક ભાઈબહેનો કે વાંચકોને આવાં કાર્ડ જોઈતાં હોય તેની સંખ્યા તેઓએ તા. ૨૫/૯/૮૫ સુધીમાં શ્રી અતુલ કોન્ટ્રેક્ટર, ૩૬ પ્રોફેસર્સ સોસાયટી, વલ્લભ વિદ્યાનગર ૩૮૮-૧૨૦ ના સરનામે લખી જણાવવું.

કાર્ડની કિંમત લગભગ ૫૦ પૈસાની થશે.

## યુવક કલ્યાણ કેન્દ્ર

આ વર્ષે ગુરુપૂર્ણિમાના મંગલ દિવસે (તા. ૨-૭-૮૫ના રોજ) પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના આશીર્વાદ પામેલા આ નવા કેન્દ્રે માત્ર દોઢ મહિના જેવા ટૂંકા ગાળામાં સરસ પ્રવૃત્તિ કરી છે. પૂ. શ્રીનાં પ્રકટ થયેલાં પુસ્તકોનો પ્રચાર સારી રીતે કરવા માટે તેણે 'તીર્થયાત્રા' અને 'કળીમાંથી ફુલ' જેવાં પુસ્તકો ગુજરાતભરની સારી લાઇબ્રેરીઓમાં પહોંચાડવાનું કામ ઉપાડ્યું છે.

રોજનો રૂપિયો બચાવી આ સદ્પ્રવૃત્તિમાં જોડાનાર સભ્યોની સંખ્યા લગભગ ચાલીસ જેટલી થઈ છે. જેઓ પણ આ પ્રવૃત્તિમાં જોડાયા છે, તેઓ સર્વે ખરેખર અભિનંદનના અધિકારી છે. જેઓ આ પ્રવૃત્તિમાં જોડાવા માંગતા હોય તેઓએ શ્રી અતુલ કોન્ટ્રેક્ટર, ૩૬, પ્રોફેસર સોસાયટી વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ નો સીધો સંપર્ક સાધવો.

અધ્યાત્મના નવા ગ્રાહકો નોંધવાની ઝૂંબેશ પણ આ



ભાઈઓએ ઉપાડી લીધી છે. આ યુવકો-દરેક શહેરોમાં જે ભાઈઓ હાલ કામ કરે છે, તેઓને મદદરૂપ બનશે. એટલે જેઓ અગાઉથી કામ કરે છે, તેઓએ પોતાનું કાર્ય ચાલુ રાખવાનું છે.

## વિશ્રામગૃહની ભેટ

(અનુસંધાન પાના નં. ૪૨)

રૂા.

૧૫૦૦-૦૦ રાજેન્દ્ર ભટ્ટ, બારડોલી.
૫૧-૦૦ કુનીલાબેન મગનભાઈ સી. પટેલ
૫૧-૭૫ માનસિંહ સુતરીયા
૫૦૧-૦૦ કંચનભાઈ મગનભાઈ પટેલ, મુકતેશ્વરીના જન્મદિન નિમિત્તે.
૫૨-૦૦ પન્નાબેન ત્રિવેદી, ભાવનગર.
૭૨૮-૦૦ ભીમજીભાઈ મણિભાઈ પરીખ, એક સંપૂર્ણ પલંગના સેટ માટે.
૨૬૦-૦૦ કાન્તિભાઈ ભીમજીભાઈ પરીખ, બે ટ્યુબલાઇટ માટે.

---

જો આપણાં દરેકનાં દુઃખો અને દુર્ભાગ્યોનાં પોટલા બાંધીને તેનો ઢગલો કરવામાં આવે અને પછી તેમાંથી સહુને સરખે ભાગે વહેંચી લેવાનાં હોય, તો મોટા ભાગના લોકો પોતાનું અસલ પોટલું ઉપાડીને ચાલતા થવાના.

# રામકથા

યોગેશ્વરજી

[શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા]

'જરૂર ?

હા. જરૂર. એમાં શંકા કરવાનું કારણ જ ક્યાં છે ? તું જાણે છે કે તું મને પ્રાણથી પણ વધારે પ્રિય છે. કહે, તારો અપરાધ કોણે કર્યો છે ?

'મને એક વાત યાદ આવે છે.'

'કયી વાત ?'

'આપણા ભૂતકાળના જીવનની વાત.' કૈકેયી બેઠી થઈને કહેવા માંડી : 'દંડકારણ્યમાં વૈજયન્ત નામે નગરમાં તિમિધ્વજ નામે મોટો રાક્ષસ રહેતો હતો. તે શંબરના નામથી પણ ઓળખાતો.'

'એ તો જાણું છું. એ રાક્ષસ ભાત ભાતની માયાનો આધાર લેતો અને દેવતાઓ તથા ઇન્દ્રની સામે યુદ્ધે ચઢેલો, ત્યારે બીજા રાજર્ષિઓની સાથે હું પણ ઇન્દ્રની મદદે ગયેલો. પરંતુ એ રાક્ષસનું શું છે ? એ રાક્ષસ અત્યારે તને કેમ યાદ આવ્યો ?'

'એનું કારણ હું તમને હમણાં જ કહી બતાવું છું, પરંતુ એ યુદ્ધનું તમને સ્મરણ છે એટલે સારું છે. એ યુદ્ધમાં અસુરોદ્વારા ખૂબજ ઘાયલ થઈ જવાથી તમારી ચેતના લુપ્ત થઈ ગઈ.'

'હા. મને એનુંયે સ્મરણ છે. એ વખતે તેં મારી જે પ્રખર પ્રેમપૂર્વક સેવા કરેલી તે પણ હું નથી ભૂલ્યો. એ સેવાને માટે હું તમારો સદાનો ઋણી છું, એ સેવાને લીધે જ મારો પ્રાણ બચી શકેલો.'

'એ સેવાને પરિણામે તમે મને કાંઈ આપેલું ખરું ?'

'બીજું તો શું આપું ? તું કશું લેવા તૈયાર જ ન હતીને ? તારી સેવાથી પ્રસન્ન થઈને મેં તને બે વરદાન અવશ્ય આપેલાં અને એ વરદાન તેં કોઈવાર ભવિષ્યમાં માગવાનું કહી બતાવેલું.'



'એ આખોય પ્રસંગ અત્યારે મને યાદ આવે છે.' કૈકેયી કઠોરતા પૂર્વક કહેવા માંડી :' અને વરદાનની વાત પણ.'

દશરથે થોડીક રાહત અનુભવતાં કહ્યું : 'ઓહો ! એને લીધે તું આટલી બધી રોષે ભરાઈને બેસી રહે છે ? તને કદાચ એમ હશે કે વરદાનની એ વાતનું મને વિસ્મરણ થયું છે. પરંતુ મને એ બરાબર યાદ છે, સવારેજ રામનો રાજ્યાભિષેક થવાનો છે. આખી પ્રજા એ અવસરે આનંદાનુભવ કરી રહી છે. તારા અંતરમાં પણ એનો અસાધારણ આનંદ હોય એ સ્વાભાવિક છે. એ આનંદમય અવસર પર જો તું ચાહતી હોય તો તને એ વરદાન આપી શકું તેમ છું.'

'એ બાકી રહેલાં વરદાન લેવાનીજ મને ઇચ્છા થઈ છે.'

'એટલા માટે જ તું આવો અમંગલ વેશ ધારણ કરીને મને દુઃખી કરવા માટે બેસી રહી છે. તારા વરદાન તું વહેલી તકે ને જરૂર માગી લે જેથી આ પીડાજનક પ્રકરણની પરિસમાપ્તિ થાય.'

'પરંતુ તમે મને મારી મુજબનું વરદાન આપવાની ના પાડો તો ?'

'કૈકેયી, આ તને થયું છે શું ? આવું બોલીને તું આજે મારા દિલને જાણે ડામ દઈ રહી છે. તારાં વચનોથી મને વ્યથા થાય છે. તારે જે માગવું હોય તે માગી લે. રઘુકુળ પોતાના સત્ય અને વચન પાલનને માટે જાણીતું છે. તું કોઈ જાતની વ્યર્થ શંકા ના કર. તારી પ્રીતિ તથા પ્રસન્નતા માટે એવી કોઈયે વસ્તુ નથી જે તને ના આપી શકું.'

'સાચું કહો છો ?'

'તદ્દન સાચું. તું કહે તો તારી આગળ અયોધ્યાના સમસ્ત ઐશ્વર્યને પાથરી દઉં. કુબેરનો ભંડાર ઠાલવી દઉં. તને સુખી કરવા માટે હું ગમે તે કરવા તૈયાર છું".

'પછી ફરી તો નહિ જાવ ?'

'જીવનમાં હું એકવાર વચન આપીને કોઇ વાર ફરી ગયો છું કૈકેયી, કે તું આવાં મર્મ ભેદક વચનો બોલી રહી છે ? મારા સ્વભાવની તને સારી પેઠે ખબર છે માટે મારામાં વિશ્વાસ રાખીને તારે જે માંગવું હોય તે માગી લે. તું તરતજ જોઇ લઈશ કે તારી માગણી માન્ય રહી છે ને પૂરી થઇ છે. પછી શેષ રાત્રિનો સમય આપણે આનંદપૂર્વક પસાર કરીએ. કૈકેયીએ કઠોર હાસ્ય કરીને રાજા દશરથને થોડીક વાર ખુશ કર્યા ને પછી ભયંકર નાગણની પેઠે જીવલેણ ડંખ મારતી હોય તેમ બોલવાનું શરું કર્યું : હા. મારો વિચાર એવોજ છે કે આજની બાકીની રાત આપણે આનંદ-પૂર્વક પસાર કરીએ. મારા વરદાન મને મળી જાય એટલે થયું. મને શાંતિ વળશે. મારે તમારી પાસે બે વરદાન માગવાના છે. એ બંને વરદાન હું અત્યારે જ માગી લઉં છું. મારા પહેલા વરદાનમાં એ માગું છું કે રામને બદલે ભરતનો રાજ્યાભિષેક કરવામાં આવે. અને બીજા વરદાનમાં માગું છું કે રામ ચૌદ વરસ સુધી સર્વ પ્રકારના ભોગોનો ત્યાગ કરીને મુનિઓની પેઠે વનમાં રહે. મારે બીજું કોઈજ વરદાન નથી માગવાનું. તમે પહેલેથી પ્રતિજ્ઞા બદ્ધ થઇ ચુકયા છો. અને સત્યપ્રતિજ્ઞ તથા સત્ય-ભાષી છો. તો આ બંને વરદાન આપવામાં આશા રાખું છું કે લેશમાત્ર આનાકાની નહિ કરો.'

એટલું બોલીને કૈકેયી ચૂપ રહી.

પોતાની દાસી મંથરાની પૂર્વ સૂચના પ્રમાણે રાજા દશરથની આગળ એણે ભયંકર જાળ પાથરી દીધી. રાજા દશરથ મોહવશ એ જાળમાં આબાદ રીતે સપડાઈ ગયા. એ જોઇને એ ખૂબજ ખૂશ થઇને સંતોષ પામી. એને થયું કે મંથરાએ બતાવેલો ઉપાય ખરેખર અદ્ભુત અને અકસીર હતો. એ ઉપાય સફળ થયો જાણી દસરથ પરની પ્રતિક્રિયાને એ કઠોર મનથી જોવા લાગી. દશરથ-



ને સહેજ પણ કલ્પના ન હતી કે કૈકેયી આવાં અમંગલ વરદાન-ની માગણી કરશે.

સૌથી પહેલાં તો એ કૈકેયીના શબ્દો સાચા છે એવું માની જ ના શકયા. એટલે ભારે વેદનામય સ્વરે બોલી ઉઠ્યા : 'કૈકેયી, આ તું ખરેખર ગંભીરતાથી બોલી રહી છે ? કે પછી વિનોદ તો નથી કરતી ? તારા મુખમાંથી આ કેવા શબ્દો નીકળી રહ્યા છે ? તું જે બોલી છે તે ખરેખર વિચારીને બોલી છે ?

કૈકેયી ફુંફાડા મારતી બોલી ઉઠી : 'હું જે બોલી છું તે બરા-બર વિચારીને જ બોલી છું. મારે તમારી સાથે વિનોદ શા માટે કરવો પડે ? ભરતના રાજ્યાભિષેક અને રામના ચૌદ વરસના વન-વાસનાં જે બે વરદાનો મેં માગ્યાં છે તે બરાબર છે. મારે તેજ વરદાન જોઈએ છે. એ હકિકત હું ફરીવાર કહી બતાવું. મારી માગણી સ્પષ્ટ છે. એ સંબંધી લેશ પણ સંદેહ ના રાખતા.

દશરથના માથા પર જાણે વીજળી પડી.

કૈકેયી એ જાણે કે એમને વેદનાની ભયંકર જ્વાળામાં ધકેલી દીધા.

કેટકેટલા ઉત્સાહ ને ઉમળકાપૂર્વક એ એની પાસે આવ્યા હતા ? પરંતુ એણે એમના રંગમાં ભંગ પાડી દીધો. (ક્રમશઃ)

જેની સિદ્ધિનો આધાર બીજા ઉપર છે, તેવું કર્મ કદી ન આરંભો. પણ જેની સિદ્ધિનો આધાર પોતાની જાત ઉપર જ છે, તે કર્મ અવશ્ય આરંભો. પરાવલંબનનું જે કાંઈ છે તે જ દુઃખ, અને સ્વાવલંબનવાળું જે કાંઈ છે તે જ સુખ, સુખ અને દુઃખની એ ટૂંકમાં વ્યાખ્યા છે.

માનવી દુઃખી છે કારણ કે તે એવી વસ્તુઓની કામનાથી ભરપૂર છે જે ટકી શકતી નથી.

## અમારી એ મૈત્રી

અમારી એ મૈત્રી સુખદુઃખ વિષે એક-સરખી,
પરસ્પર સૌહાર્દ અતલ ઝરણી રમ્ય પરખી.
ખીણે હો વા શૃંગે રજ ફરક ના, વાધતી સદા
સુખો સંવર્ધન્તી, વિપદ હરતી, કામ્ય શુભદા.
અમારી એ મૈત્રી...

અમારી એ મૈત્રીઃ પરમપ્રભુ આશીષ પુનિતા,
વિધાતાની લ્હાણી, ઉભય ઉરની નવ્ય કવિતા.
પરાગી પુષ્પોથી પમરતી, સુગંધી ધૂપ સમી
બધી મર્યાદાઓ, અધૂરપ છતાં ના રજ કમી.
અમારી એ મૈત્રી...

અમારી એ મૈત્રી : નિરમમપણે જે અતિક્રમે
પરસ્પર દુર્ગુણો, ફલસ્વરૂપ સૌજન્ય જ ઝમે
કશા આભિજાત્યે અવલનવલા ભાવ ભરતી
કશી ગોપાયેલી વિકસન-કલાઓય ધરતી
અમારી એ મૈત્રી...

અમારી એ મૈત્રી : ભવભવની શી ઉર્ધ્વ-સરણી,
ભવાબ્ધીના ખારા સલિલ બિચ રે મિષ્ટઝરણી
અમારી એ મૈત્રી...

રણજિત પટેલ (અનામી)

## પૂ. માતાજી જ્યોતિર્મયીની સંવત્સરી કાર્યક્રમ

પ. પૂ. માતાજી જ્યોતિર્મયીની પાંચમી સંવત્સરી તા. ૪/૧૦/૮૫ ને શુક્રવારના રોજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં ગોપનાથ મહાદેવ (તળાજા) જિ. ભાવનગર ખાતે ઉજવવાનું નક્કી કર્યું છે. ગોપનાથનું પ્રાચીન શિવાલય સમુદ્ર કિનારે આવેલું છે, સહુ સાધક ભાઈબહેનોને તેમાં ભાગ લેવા આમંત્રણ છે. ભાવનગરથી ખાસ બસો મારફતે ગોપનાથ જવાનું વિચારેલ છે. એથી જે કોઈ ભાઈબહેનો આમાં ભાગ લેવા ઈચ્છતાં હોય તેઓએ તેની જાણ ડો. ઘનશ્યામભાઇ દેસાઇ, મોઢવણિક કન્યાછાત્રાલય, રાધામંદિર સામે, વાઘાવાડી રોડ, ભાવનગર–૨ ને તા. ૨૪/૯/૮૫ સુધીમાં લેખિત જાણ કરવી. ને બસ વ્યવસ્થા પેટે વ્યકિતદીઠ રૂા. ૨૦/–મોકલાવવા. તે પછી આવેલ નામોનો સમાવેશ બસમાં જગા હશે, તોજ કરવામાં આવશે. તા. ૩/૧૦/૮૫ ના રોજ રાત્રિ મુકામની વ્યવસ્થા છે.

### સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મ માટે વાંચકો પ્રેમપૂર્વક સદ્‌ભાવભરી ભેટની સરવાણી વહાવતા રહે છે. પૂ ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાનું દર્શન અમને એમાં થતું રહે છે. છેલ્લે મળેલ સહાયની વિગતો નીચે પ્રમાણે છેઃ-

૫૧ શ્રીમતી વર્ષા આર. દવે રાજકોટ તરફથી પતિદેવના જન્મદિન નિમિત્ત.
૧૧ ચિ. અમીત આર. દવેના જન્મદિને.
૧૧ શ્રી જાદવજીભાઇ વી. પટેલ, મોરબી.
૧૧ શ્રી સીતાબેન ટી. ચૌહાણ, સુરેન્દ્રનગર.
૧૦૦ અનામી ભેટ.
૫૨ પ્રા. જનાર્દનભાઇ દવે, ભાવનગર.

# ધર્મ

## યુવાવસ્થાની આવશ્યકતા ને જીવનની જરૂરત છે

ધર્મ, સાધના, ઈશ્વરભક્તિ અથવા આધ્યાત્મિક્તાનું અનુષ્ઠાન એ ત્યાગ, સન્યાસ, અરણ્યવાસ કે જીવન ને જગતથી છૂટાછેડા નથી. એને માટે એ આવશ્યક જ છે એવું નથી સમજવાનું. એવા અનુષ્ઠાનથી જીવનનો રસ સૂકાઈ જશે કે આનંદ લુપ્ત થઈ જશે, એમ પણ નથી. એથી તો ઊલટું, અભૂતપૂર્વ અખૂટ રસની અને પરમાનંદની પ્રાપ્તિ થશે. ધર્મ અથવા આધ્યાત્મિકતા જીવનને નીરસ કરવાની પ્રવૃત્તિ નથી, પરંતુ રસમય બનાવવાની કળા છે, એથી જીવન ઉત્તરોત્તર રસમય બનતું જાય છે. એ વૃદ્ધાવસ્થાનો વિષય પણ નથી. એ તો સાચું કહીએ તો મૂળભૂત રીતે યૌવનની અને સમસ્ત જીવનની સાધના છે. નસેનસમાં જ્યારે લોહી ઊછળતું હોય, તરવરાટ હોય, શક્તિના પ્રચંડ પૂર ઊઠતાં હોય, સ્વસ્થતા હોય તથા પ્રાણમાં આશા, શ્રદ્ધા, લગન ને મહત્ત્વાકાંક્ષા ભરી હોય, ત્યારેજ મનને તેમાં લગાડવા જેવું છે. તો તે ચમત્કાર કરી શકે. ફૂલ જ્યારે તાજું, સુવાસિત કે કોમળ હોય ત્યારે જ તેને દેવતાના મસ્તક પર મૂકવા જેવું હોય છે તે સૌરભહીન કે સત્ત્વહીન બની જાય પછી શું? પછી તેનો શો ઉપયોગ થઇ શકે? આથી ધર્મ અથવા આધ્યાત્મિક્તા વૃદ્ધાવસ્થાનો ઇજારો નથી, પરંતુ યુવાવસ્થાની આવશ્યક્તા અને સમસ્ત જીવનની જરૂરત છે, એ વાત હંમેશ સૌએ યાદ રાખવાની છે.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
મુદ્રક : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડ બજાર, ભાવનગર.